।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

ઓક્ટોબર ૨૦૧૨

રૂા. ૫/૦૦



અધિક ભાદ્રપદ માસમાં અન્નકૂટની આરતી ઉતારતા પ.પૂ. મહંત સ્વામી-ભુજ




કૈલાસ માનસરોવર પધારતા સંતો હરિભક્તો
શ્રી નરનારાયણદેવનાં દર્શન કરી પ્રસ્થાન માટે પૂર્વ તૈયારીમાં-ભુજ.



યાત્રિક સંતોનું માનસરોવરમાં સમૂહસ્નાન.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥ ૭

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક




પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૨૦૦

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૧૦ - ઓક્ટોબર - ૨૦૧૨
સળંગ અંક - ૩૨૩

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

| | | |
|---|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- *અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.*
- *પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.*

# તંત્રીની કલમે

સર્વોપરી ભગવાન શ્રી નરનારાયણદેવ સ્વયં તે સમયની ધાર્મિક સામાજિક દુર્દશાને કારણે સ્વામિનારાયણ રૂપે પ્રાદુર્ભાવ પામ્યા.

શ્રી હરિ આ અવતારમાં જેમ વિદ્યાર્થીને સપ્તાહના દરેક દિવસનું સમયપત્રક હોય છે, તેમ પ્રાગટયથી સ્વધામગમન સુધીનાં ઐશ્વર્યમય લીલા કાર્યોનું આયોજિત સમયપત્રક નક્કી કરીને ભૂમિપર ધર્મ અને સમાજમાં પ્રવર્તમાન દુરાચરણોનો ભાર ઉતારવા પ્રગટ થયા. તેમની જીવનલીલાનું વિહંગાવલોકન કરતાં આ હકીકત સ્પષ્ટ થાય છે.

પ્રાગટયથી માંડી સં.૧૮૪૯ અષાઠ સુદ-૧૦ (ગૃહત્યાગ) સુધીમાં બાલ ઘનશ્યામે કોટરા અને કાલિદત્ત અસુરનો નાશ, બાલગોઠીયા સાથે રમતગમત, અળવીતરાં, રિસામણાં મનામણાં, યજ્ઞોપવિત્ર ધારણ, શાસ્ત્રનો અભ્યાસ, માત-પિતાને ઐશ્વર્યનું દર્શન અને તેમને મોક્ષગતિ વગેરે લીલાઓથી પરિવાર, મોસાળપક્ષ તથા છપૈયા વાસીઓને આનંદ આપ્યો.

ગૃહત્યાગ પછી સં.૧૮૫૮ મહાસુદ-૧૩ના સ.ગુ.રામાનંદ સ્વામી સ્વધામ પધાર્યા સુધીનો સમય દેશભરની પગે ચાલીને તીર્થયાત્રા, વન-વિચરણ, લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં નિવાસ, ગુરુ રામાનંદ સ્વામી સાથે મેળાપ - ભાગવતી દીક્ષા અને સહજાનંદ સ્વામી તથા નારાયણમુનિ નામ પ્રાપ્ત, ઉદ્ધવ સંપ્રદાયની ગાદીએ પટ્ટાભિષેક વગેરેનો છે. તેમાં તપ, ત્યાગ, સેવાપરાયણતા, બ્રહ્મચર્યપાલન, વેશધારી વ્યસની, કામી, ઠગ સાધુ મહંતોને યોગ્ય સજા, તેવા સાધુઓને પોષતા રાજાઓમાં ધર્મ બોધ દ્વારા જાગૃતિ વગેરે સંપ્રદાયના ઇતિહાસમાં નોંધાયેલ છે. ઉપરાંત રામાનંદ સ્વામીની ઔર્ધ્વદૈહિક શાસ્ત્રીય ક્રિયા વિધિ પૂર્ણ કરી સાધુમંડળોની રચના તથા કાર્યવાહીની પરંપરા સ્થાપિત કરી.

ત્યાર પછી ઇશ્વરીય અવતારની કાર્યસિધ્ધિ માટે પ્રસ્થાન કર્યું. સં.૧૮૮૬ સુધી અદ્‌ભૂત લીલા ચરિત્રોથી ભરપુર પ્રસંગોથી ધાર્મિક અને સામાજિક ક્ષેત્રમાં સુધારણા કરી ઉધ્ધવ સંપ્રદાયને વૈદિક ''શ્રી સ્વામિનારાયણ'' સંપ્રદાયનું સ્વરૂપ આપ્યું. અવિરત પગપાળા અથવા માણકી ઘોડી પર ગામે-ગામ ફરી કચ્છ સહિત ગુજરાતની આમ પ્રજાને તથા રાજાઓને સદાચાર અને ભાગવત ધર્મનો બોધ આપ્યો, પશુબલિ વગરના અહિંસક વૈદિકયજ્ઞો પ્રવર્તાવ્યા. સતી થવાનો, દિકરીને દૂધ પીતી કરવાનો જેવા ઘાતકી રિવાજ બંધ કરાવ્યા, સમાજમાં ધર્મભાવના દઢ કરી ઉત્સવ સમૈયા કથાપારાયણો યોજી સંપ્રદાયને વિસ્તારી સંગઠિત કર્યો. વેશધારી વ્યસની ઠગ જમાતોને જંતર મંતર વાળા કપટીઓને સ્વાધીન કર્યા અથવા નાબૂદ કર્યા. પોતાના ઇશ્વરપણા સામે પ્રશ્ન ઉઠાવનારાઓનો શાસ્ત્રાધારે પરાજય કરી, પરચા સમાધિ, અંતર્યામીપણુ એ આદિથી ઐશ્વર્ય દર્શાવી ભગવાન તરીકે દિગ્વિજય કર્યો.

સં.૧૮૭૬ થી સં.૧૮૮૬ સુધીના દશકામાં શ્રીહરિ જે કામ કરવા ધારેલાં હતાં તે સંપૂર્ણ થયાં. સ્વહસ્તે પ્રાણપ્રતિષ્ઠિત મૂર્તિઓ ધરાવતાં મંદિરો, ધર્મજ્ઞાનભક્તિ આધ્યાત્મિક ચિંતનનો બોધ છલકાવતાં વચનામૃતો, બે દેશની ગાદીના લેખ સહિત અમદાવાદ અને વડતાલ બે ગાદી તથા આચાર્યોની સ્થાપના, સદાચાર અને નિત્ય નિયમનો બોધ આપતી શિક્ષાપત્રી, વિદ્વાન સંતો દ્વારા શાસ્ત્રો અને કાવ્ય કીર્તનગ્રંથોની રચના. વગેરે કાર્યો પૂર્ણ કરી હરિભક્ત આશ્રિતોને સંપ્રદાયનો ''યાવચ્ચંદ્ર દિવાકરૌ'' વારસો સોંપ્યો. મોટેરા સંતો, બ્રહ્મચારીઓ, પાર્ષદો અને હરિભક્તોને સભામાં જણાવ્યું કે, ''અમો જે કામ કરવાનું ધારીને આવ્યા છીએ તે સર્વે પૂરું થયું છે.'', સ.ગુ.ગોપાલાનંદ સ્વામીને સંપ્રદાયની ભલામણ કરી. સં.૧૮૮૬, જેઠ સુદ-૧૦ (ગંગાદશમી)ના સંપ્રદાયની રાજધાની ગઢડા મુકામે સ્વેચ્છાએ સ્વધામ પધાર્યા. ભક્તો આ શ્રીહરીએ બાધેલી પરંપરા અતુટ રહે એવા જેવા પ્રયત્નો કરી આજકાલ સંપ્રદાયમાં ચાલતા ડખામાં ફસાયા વીના આપણું જીવન મોક્ષમાર્ગે વારવાના છે. ઇતિ. જયશ્રી સ્વામિનારાયણ.



# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન

લેખાંક - ૧૩

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

કઠસંહિતા - યજુર્વેદની ૨૭ મુખ્ય શાખાઓમાં એક કઠ શાખા પણ છે. તે શાખાની કઠસંહિતા છે. આ સંહિતા મધ્યપ્રદેશીય અથવા માધ્યમના નામથી વિખ્યાત છે. જેનાથી પ્રતીત થાય છે કે - તે પ્રાચીનકાળમાં મધ્ય-દેશમા રહેતા હતા. પતઞ્જલિના મત પ્રમાણે કઠસંહિતાની પઠન-પાઠનની પરંપરા દરેક ગામમાં હતી. 'ग्रामे - ग्रामे काठकं कालापकं च प्रोच्यते' - (મહાભાષ્ય ૪-૩--૧૦૧) આનાથી સિદ્ધ થાય છે કે - પ્રાચીનકાળમાં વેદને સમજવા માટે સંહિતાઓનું વિશેષ પઠન-પાઠન અને તેનો પૂર્ણ પરિચય મેળવવા માટે લોકોને અવશર મળતો હતો. પરન્તુ આજે આવું અધ્યયન ન તો કોઇ કરાવનાર છે કે ન તો કોઇ કરનાર છે. એટલે જ કહી સકાય કે - દરેક સમયે તેને ગ્રન્થોનું અધ્યયન કરવામાં આવતું હતું. અત્યારે ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વમુખે પ્રગટ થયેલ વચનામૃત જેવા ગ્રન્થોનું સરલતાથી પઠન પાઠન કરી શકાય છે અને તેના અધ્યયનથી વેદના સિદ્ધાન્તને સમજી સકાય છે. (વચનામૃત યુગની વિશેષ વાત આગળ કરીશું)

કઠ સંહિતામાં પાંચ ખણ્ડો છે. ઇંઠિમિકા, મધ્યમિકા, ઓરિમિકા,યાજ્યાનુવાક્યા તથા અશ્વમેધાનુવાચન નામથી પ્રસિદ્ધ છે. આ સંહિતામાં સ્થાનકની સંખ્યા ૪૦ છે. અનુવચનોની સંખ્યા ૧૩ છે. અનુવાચકોની સંખ્યા ૮૪૩ છે. મંત્રોની સંખ્યા ૩૦૯૧ તથા મન્ત્ર-બ્રાહ્મણોની સમ્મિલિત સંખ્યા ૧૮ હજારની છે.

કપિષ્ટલ કઠ-સંહિતા - કપિષ્ટલ નામના એક ઋષિ છે જેનો ઉલ્લેખ પાણિનિ મુનિએ કર્યો છે. કપિષ્ટલો ગોત્રે. આ સૂત્રમાં ઉલ્લેખ કર્યો છે. આ શાખાની સંહિતાની એક પ્રત ઉપલબ્ધ છે તે પણ અધુરી છે.

સામ-સંહિતા -

વૈદિક સંહિતાઓમાં સામ સંહિતાઓનું મહત્વ અત્યંત ગૌરવશાળી માનવામાં આવે છે. બૃહદે દેવતાનું કહેવું છે. કે જે પુરુષ સામવેદને જાણે છે તે જ વેદના રહસ્યને જાણી શકે છે. "सामानि यो वेत्ति स वेद तत्त्वम्" ગીતામાં " वेदानां सामवेदोस्मि" ભગવાનો સ્વયં સામવેદને પોતાનું સ્વરુપ કહેલું છે. ગીતામાં "प्रणवः सर्ववेदेषु" તથા અનુગીતામાં "ओंकारः सर्ववेदानाम्" કહીને જે ઓંકારને સર્વે વેદોથી શ્રેષ્ઠ કહે છે. કારણ કે ઉદ્‌ગીથ ( ઓંકાર) સમ્પૂર્ણ સામવેદનો સાર બતાવ્યો છે. ઋગ્વેદ તથા અથર્વવેદમાં પણ સામ ની પ્રશંસા કરવામાં આવી છે. એક મંત્રમાં સ્પષ્ટ કહ્યુ છે કે - જે વિદ્વાન્ મનુષ્ય જાગરણશીલ છે તેને જ સામવેદ પ્રાપ્ત થાય છે. પરન્તુ જે આળસું તેને સામ - ગાયનમાં ક્યારેય પણ પ્રવીણતા નથી મળતી.



**સામવેદની મુખ્ય ત્રણ સંહિતાઓ છે.**

(૧) કૌથુમ શાખા - સામવેદની આ શાખા અને સંહિતા સર્વાધિક લોકપ્રિય છે. શંકરાચાર્યે વેદાન્ત-ભાષ્યમાં અનેક વાર આ શાખાનો ઉલ્લેખ કર્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અર્થાત્ ધર્મકુળ પણ સામવેદી હતું અને તેમની વેદશાખા કૌથુમ છે. સુપ્રસિદ્ધ છાન્દોગ્ય ઉપનિષદ્ પણ આ શાખાથી સંબન્ધ રાખે છે. પચ્ચીસ કાણ્ડાત્મક વિપુલકાય તાણ્ડ્ય-બ્રાહ્મણ પણ આ શાખાનું છે. સામવેદના સુસ્પષ્ટાર્થ સમજાવવા માટે આ સંહિતા અતિ ઉપયોગી છે.

(૨) રાણાયનીય શાખા - આ શાખાની સંહિતા કૌથુમ સંહિતાથી બહુ જુદી નથી. બન્ને મન્ત્ર-ગણનાની દૃષ્ટિએ એક જ છે. કેવળ ઉચ્ચારણમાં કેટલીક જગ્યાએ જુદાપણુ જોવા મળે છે. રાણાયનીયની એક અવાન્તર શાખા સાત્યમુગ્રિ છે. આ શાખાના લોકોનું ઉચ્ચારણ બીલકુલ અલગ પડે છે.

જૈમિનીય શાખા - આનંદનો વિષય છે કે આ શાખાની સંહિતા, બ્રાહ્મણ, શ્રૌત તથા ગૃહ્યસૂત્ર સંપૂર્ણરુપે આજે ઉપલબ્ધ છે. આ સંહિતાની મંત્ર સંખ્યા ૧૬૮૭ છે અર્થાત્ કૌથુમ શાખાથી ૧૮૨ મન્ત્ર ઓછા છે. બન્નેમાં પાઠભેદ જુદા

જુદા પ્રકારના છે. આ શાખાની તવલકાર એક અવાન્તર શાખા છે.

આ પ્રમાણે સામવેદની શાખાઓ અને તેમની સંહિતાઓના મન્ત્રનો આશ્રય લઈને ઋષિઓ ગાયન મન્ત્રોની રચના કરી છે. ગાયન ચાર પ્રકારનાં છે (૧) ગ્રામ-ગેય ગાન (જેનાથી પ્રકૃતિગાન તથા વેય ગાન પણ કહેવાય છે.) (૨)આરણ્યક-ગાન (૩) ઊહગાન અને (૪) ઊહ્ય ગાન અથવા રહસ્ય ગાન. આ આયનમાં વેગ ગાન પૂર્વાર્ચિતના પ્રથમ પાંચ અધ્યાયોના મન્ત્રો પર છે. અરણ્ય ગાન આરણ્યક પર્વમાં નિર્દિષ્ટ પર ઊહ અને ઊહ્ય ઉત્તરાર્ચિતમાં ઉલ્લિખિત મન્ત્રો પર મુખ્યતયા હોય છે. જુદી જુદી શાખાઓમાં આ ગાનોની સંખ્યા જુદી જુદી છે. સૌથી વધારે ગાન જૈમિનીય શાખામાં ઉપલબ્ધ છે. ભારતીય સંગીતશાસ્ત્રનું મૂળ આ સામ ગાયન પર આધારીત છે. ભારતીય સંગીત જેટલું સૂક્ષ્મ અને વૈજ્ઞાનિક છે એટલું દુનીયાનું કોઇ સંગીત નથી. આ સંગીતના પંડિતોથી અપરિચિત નથી. પરન્તુ વિદ્વજ્જનોની અવહેલનાના કારણે શાસ્ત્રીય સંગીતની ખરાબ દૂરવસ્થા થઇ છે એવું જોવા મળે છે. પૂર્વે રાજા-મહારાજાઓ પોતાના રાજ્યોમાં સંગીતના પંડિતોનો આદર સત્કાર કરતા હતા તેથી લોકો શાસ્ત્રીય સંગીત પ્રત્યે રુચી ધરાવતા હતા અને ખરા અર્થમાં વૈદિક સંગીતની સાધના કરીને સંગીત દ્વારા પ્રકૃતિને ઓળખી શકતા હતા. તેથી જ તો સંગીત સાધકો સંગીતના બળે વરસાદ કરવી શકતા હતા, સંગીતના બળે દીપ પ્રગટાવી શકતા હતા. હજુ ઘણો સમય નથી થયો આજ થી માત્ર ૨૦૦ વર્ષ પહેલાની વાત છે ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના અનેક સંતોને ભારતીય શાસ્ત્રીય સંગીત શિખવ્યુ હતું અને જે સંતની સંગીત પ્રત્યે રુચી હતી તેને શ્રીહરિએ પ્રોત્સાહિત કર્યા હતા એટલેજ તો સ્વામી પ્રેમાનંદ, સ્વામી બ્રહ્માનંદ, સ્વામી દેવાનંદ, સ્વામી મુક્તાનંદ જેવા સંગીત વિશારદ સંતો જ્યારે સંગીતનો કોઇ રાગ આલાપે તો પ્રકૃતિમાં પરિવર્તન આવી જતુ હતું. સંધ્યાનો રાગો સવારે અને સવારનો રાગ સાંજે ગાય ત્યારે સંધ્યા બદલાઇ જતી હતી. સંગીતના ગાયનથી વરસાદ વરસાવી શકતા હતા. આવું ઉત્તમ પ્રકારનું સંગીત ભગવાન શ્રી સ્વામિનારાયણના સમયમાં હતું અને શ્રીહરિએ આવા વૈદિક અને શાસ્ત્રીય સંગીતની ઉત્તમ પરંપરા આ સંપ્રદાયને આપી છે. પરન્તુ દુઃખની વાત એ છે કે આજ કાલ આવી સંગીત પરંપરા સંપ્રદાયમાં સંતો તેમજ હરિભક્તોમાં ઓછી જોવા મળે છે તેનું કારણ જે પણ હોય પરન્તુ શ્રીજી મહારાજે માન્ય રાખેલ આવી સંગીત વિદ્યાને સંપ્રદાયની દરેક સંસ્થાઓએ પ્રોત્સાહન આપવું જોઇએ.

આ વૈદિક અને શાસ્ત્રીય સંગીતના મૌલિક સિદ્ધાન્તોને સમજવું એક મોટી સાધના છે. કારણકે ઉચ્ચ સાધના કરવી જરુરી છે પરન્તુ આજ કાલ આવી સાધના કરનારાની સંખ્યા ઓછી છે. જો સંગીત સાધક યોગ્ય મૂર્છના, આરોહ અને અવરોહનો વિચાર કરીને સામગાયન કરે તો ઘણો આનંદ આવે છે. ભારતીય સંગીતજ્ઞ સામવેદના મંત્રોને ન જાણતા હોવા છતા તેમનું સંગીત હૃદય સ્પર્શી બને છે તેનું કારણ ઓછા વધૂ પ્રમાણમાં તેના ગાયનમાં સામ વેદના મંત્રનો પ્રભાવ છે. પરન્તુ સંપૂર્ણ ભારતીય સંગીતજ્ઞ થવા માટે સામવેદીય શિક્ષાઓની શિક્ષા પરમાવશ્યક છે.

**અથર્વવેદ સંહિતા**

અથર્વવેદીની ત્રિવિધ સંહિતાઓ છે. ઋગ્વેદ, યજુર્વેદ તથા સામવેદ આ ત્રણ વેદોની એક એક સંહિતા વર્તમાનમાં ઉપલબ્ધ છે પરન્તુ અથર્વવેદની ત્રણ સંહિતાઓ ઉપલબધ છે અને તે ગ્રન્થોના રુપમાં પ્રકાશિત પણ છે. તે (૧) આર્ષી સંહિતા (૨) આચાર્ય સંહિતા (૩) વિધિપ્રયોગ સંહિતા. આ ત્રણે સંહિતાઓમાં ઋષિઓ દ્વારા પરમ્પરાગત પ્રાપ્ત મન્ત્રોનું સંકલન કર્યુ હોવાને કારણે આ ઋષિ સંહિતાના નામથી પણ પ્રસિદ્ધ છે. શૌનકીય સંહિતાને ઋષિ સંહિતા કહે છે. તેમજ બીજી સંહિતાનું નામ આચાર્ય સંહિતા છે. જેનું વિવરણ દારિલભાષ્યમાં જોવા મળે છે. "येन उपनय शिष्यं पाठयति सा आचार्य-संहिता" અર્થાત્ ઉપનયન સંસ્કાર કર્યા પછી ગુરુ શિષ્યને વેદનું અધ્યયન કરાવે છે તે જ આચાર્ય - સંહિતા કહેવાય છે.

ક્રમશઃ

**તા.૫-૧૦-૨૦૧૨ થી તા.૪-૧૧-૨૦૧૨ સુધી કચ્છમાં કથા પારાયણો**

| |
|---|
| તા.૦૮-૧૦-૧૨ ભાદરવા વદ-૮ સોમવારથી ૭ દિવસ - માંડવી સમુદ્ર (મીઠી-વીરડી) |
| તા.૧૭-૧૦-૧૨ આસો સુદ-૨ બુધવારથી ૭ દિવસ - સુખપર, સંસ્કૃત પાઠશાળા |
| તા.૨૨-૧૦-૧૨ આસો સુદ-૮ સોમવારથી ૫ દિવસ - વેકરા |
| તા.૨૩-૧૦-૧૨ આસો સુદ-૯ મંગળવારથી ૭ દિવસ - ભુજ મંદિર |

# એક અનોખો શિલ્પકાર : સંત

પ્રીતિ કરસનભાઇ પોકાર (ભાલેજ)

વૃક્ષની સંભાળ સારવાર કરવાથી એ ઘટાદાર થઇ શોભી ઉઠશે. એ વૃક્ષની સાર-સંભાળ રાખનાર ગુરુ ઇશ્વરની સૃષ્ટિના વટેમાર્ગુઓ માટે કરૂણાસભર વાત્સલ્યથી પ્રેરાઇ અનેક વૃક્ષો ઉછેરે છે અને એ વૃક્ષોને ધન્યવાદ પાત્ર બનાવે છે. ખરેખર તો યશનો ખરો જ હક્કદાર વૃક્ષોને ઉછેરનાર ગુરુ જ છે.

મન મૂકીને વરસીને ધરતીને લીલીછમ બનાવી દેવા બદલ ધન્યવાદ પામતાં વાદળ જાણતાં જ હશે કે આ માટે વાસ્તવમાં યશભાગી તો સૂર્યનારાયણ જ છે.



અનેકના મન મોહી લેનાર શિલ્પકૃતિઓનું એટલું મહત્ત્વ કે જેની સુરક્ષામાં સૈનિકો ગોઠવાય. નિત્ય લાખો લોકો જેના દર્શન કરવા તડપે, અનેક રીતે સંભાળ લેવાય, આટલા માન-પાનનું કારણ મુખ્યત્વે તો એ કૃતિનો કંડારનાર શિલ્પી છે. પૃથ્વીના પેટાળમાં પડેલા પથ્થરને રાજસિંહાસન આપનાર એક અનોખો શિલ્પકાર જ છે. એ શિલ્પકાર વિના પાષાણના દર્શન માટે કોઇ તાલાવેલી ન દાખવે.

અનેક અજ્ઞાન, અવિવેક હટાવી જગદિશ્વરની ઓળખાણ કરાવનાર અને ભકિતમાર્ગથી ઇશ્વરના દાસત્વપણાંની દીક્ષાના સંસ્કારથી દિવ્યત્ત્વ અપાવનાર મહાન શિલ્પીને કેમ ઝીલવો ? મનુષ્યને મનુષ્યત્વ આપનાર સંતને જેટલા યશભાગી ગણીએ તેટલા ઓછા છે. અનેકના મસ્તક ઝૂકાવનાર પ્રતિમાને એક શિલ્પકારની જરૂર પડે. અનેકને આશીર્વાદ મેળવતાં વૃક્ષોને એક કૃષિકારની જરૂર છે. સર્વત્ર પ્રસંશાપાત્ર બનતા શિષ્યને એક સાચા ગુરુની જરૂર પડે છે.

અધ્યાત્મદિપકો કલુષિત ન બને એની કાળજી એ ગુરુ જ રાખે છે. જ્ઞાનસંપાદન પછીયે એ જ્ઞાનદીપક જલતો રાખવાનો છે. એ ગુરુ જ જ્ઞાનના અધ્યાત્મદીપકને બૂઝાવા નથી દેતા. વિષયોના ઝંઝાવાતનોથી દૂર રાખે છે. ત્યારે અધ્યાત્મદિપકો બોલી ઉઠે છે.

''ભ્રમતા ના અંધારે, નાવ મઝવારે, ગુરુ થઇ સુકાની, સાગર પાર ઉતારે. અમ સૌને સંભારે, અમ સૌને સંભારે.''

આપણા જેવા અધ્યાત્મદીપકોને જલાવનાર એ સાચા સદ્‌ગુરુની ધૈર્યતા, શીતળતા, અભિનંદનીય છે. આપણી નાવમાં બાકોરું ન પડે તેની કાળજી રાખી, નાના હૃદયમાં આકાશ જેવી વિશાળતા રાખી. વૃક્ષ, નદી, સરોવર જેવી પરોપકારીતા, જીવનપર્યંત દાખવી છે. છતાં આ બધું નિઃસ્વાર્થ ભાવે કર્યુ છે. એવા સદ્‌ગુરુને આપણે સમર્પિત થઇને ઋણ ચૂકવવાનો પ્રયત્ન કરીએ.

એક વૃક્ષની સારસંભાળ એક સાચા કૃષિકાર માટે થાય કે કંટાળાપ્રદ નથી બનતી. એ જ રીતે એ અનોખા ગુરુને આપણા જો ભક્તોમાં અધ્યાત્મદીપ જલાવીને ઘડતરનું કાર્ય થાક લગાડતું નથી.

આ સંસાર સાગરમાં ડૂબકાં મારી જીવોના જીવનમાં ભકિતના પ્રેમરૂપી અષાઢી મેઘની તાજગીથી જીવનમાં દિવ્યત્વ આપનાર શિલ્પકાર સંતને પરમાત્મા પોતાથી જરાય જુદા નથી ગણતા. એટલે જ સંતો કહે છે, જેમ આકાશને માપ નથી

તેમ સંતોની મહાનતા પણ અમાપ છે.

એમની અંદર નિરંતર આશા અને વિવેક જેવા સંસ્કારોનું સિંચન આપણામાં આ શિલ્પકાર સંત જ કરે છે. એમની અંદર સતત પ્રભુભક્તિના સ્પંદનો રોમરોમમાં પ્રગટે છે.

એટલે જ આ શિલ્પકાર સંત ભારતીય સંસ્કૃતિનું પુષ્પ છે. અર્ધદગ્ધ જ્ઞાનીઓ એ શિલ્પકાર તત્ત્વને સમજ્યા વગર સૂર્ય સામે ધૂળ નાખવા જેવી નિંદાઓ કરે છે. અવિવેકી જાણે પોતાની ખોટી મહત્તાથી સંતની ઠેકડી ઉડાવે છે. આ સમયે એ પણ વિચાર કરવો કે સંતોને કારણે સમાજમાં કેટલી સમરસતા અને સંસ્કારીતા છે. પણ આ શિલ્પકાર ગુરુ સતત જીવનમાં અંત સુધી સમાજમાં સુવાસ રેલાવવા તત્પર રહે છે.

આવા મહાન શિલ્પકાર સંત સમાજમાં નિરંતર જન્મ લઇ અને સમસ્ત જગતને સુવાસિત બનાવતા રહે એવી જ પુષ્પમય અભિલાષા રાખીએ.

---



# શ્રાદ્ધ

- જનકભાઇ એમ.ભટ્ટ

ભાદરવા વદ શ્રાદ્ધ પક્ષ કહેવામાં આવે છે. IÕ`m `V {H$`V VV & શ્રદ્ધાથી જે અંજલિ આપવામાં આવે તેને શ્રાદ્ધ કહેવાય છે. આ દિવસો આપણા પૂર્વજોને અને ઋષિઓને સ્મરણ કરવાના છે, તર્પણ કરવાના છે. જે પિતૃઓએ આપણા કલ્યાણ માટે પોતાનું જીવન ધસી નાખ્યું, આપણા સુખ માટે લોહીનું પાણી કર્યું. એ સૌનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરીએ, તર્પણ કરીએ. આપણા પૂર્વજો જે યોનિમાં હોય તે યોનિમાં તેમને દુઃખ ન પડે, સુખ શાંતિ મળે તે માટે આપણે પિંડદાન, તર્પણ કરીએ. તર્પણ કરવાનો અર્થ તેમને તૃપ્ત કરવાના છે. સંતુષ્ટ કરવાના.

આપણા પૂર્વજોએ જે ધર્મ અને સંસ્કૃતિ માટે શુભ વિચારો કરી પોતાનું જીવન ખર્ચી નાખ્યું છે. તે ધર્મ, સંસ્કૃતિ, શુભ વિચારોને ટકાવી રાખવા તે આપણું કર્તવ્ય છે. આપણે એવું દિવ્ય જીવન જીવીએ જેથી દેવો, પિતૃઓ, ઋષિઓની તૃપ્તિ રહે. વર્ષમાં એક દિવસ આપણે આપણા પિતૃઓને શ્રાદ્ધનિમિત્તે સ્મરણ કરીએ અને આપણે આપણા જીવનનું આત્મનિરીક્ષણ કરીએ. આપણા પિતૃઓને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરીએ તે માટે શ્રાદ્ધના દિવસો છે.

આપણી સંસ્કૃતિનો વારસો પરંપરા શ્રાદ્ધ દ્વારા જળવાય છે. કુદરતનાં ક્રમ અનુસાર જે શરીરથી મુક્ત થયા છે. તેવા પૂર્વજોને આપણું શ્રદ્ધામય સ્મરણ અમર બનાવી દે છે.

માણસે પોતાનું જીવન ઋણમુક્તિ માટે જીવવું જોઇએ. આપણા પર દેવોનું, ઋષિઓનું, પિતૃઓનું ઋણ છે. આ પંદર દિવસો દરમ્યાન આપણે આપણા ઋણમાંથી મુક્ત થવા માટે શું કરવું જોઇએ તે વિચારવાનું છે. દેવના ઋણમાંથી મુક્ત થવા માટે દેવનું સતત ધ્યાન, પૂજન, અર્ચન તેમજ સ્મરણ કરતા રહીએ. દેવોના ગુણોને આપણા જીવનમાં અપનાવવા માટે આપણે સંકલ્પ કરીએ.

ઋષિઓને તર્પણ કરવાના દિવસો એટલે શ્રાદ્ધના દિવસો. સમાજ ઋષિઓનો ઋણી છે. ભાવિ પેઢી આનંદમય જીવન જીવે તે માટે આપણા ઋષિઓએ આપણી સંસ્કૃતિ મહાન, ભવ્ય, દિવ્ય બનાવી છે. આપણી સંસ્કૃતિ વિશ્વમાં શ્રેષ્ઠ છે. ઋષિઓના વિચારોનો પ્રચાર પ્રસાર કરીને, તેઓએ સિંચેલા સુસંસ્કારો સદૈવ જળવાઇ રહે તેવી જાગૃતિ

સાથે આપણે ઋણ અદા કરવાનું છે. આપણી સંસ્કૃતિ ટકી રહે તે માટેના પ્રયત્નો આપણે સૌ સાથે મળીને કરતા રહીએ.

આપણા પર પિતૃઓનું ઋણ છે. જેમણે જન્મ આપેલ છે, જેમની કૃપાથી આપણે મોટા થયા છીએ. આપણી સુખાકારી માટે, કલ્યાણ માટે જેમણે પોતાના સ્વાર્થને ત્યજી દીધેલ છે, તેવા પિતૃઓ પ્રત્યે ઋણ અદા કરવાના દિવસો એટલે શ્રાદ્ધના દિવસો છે.

કોઇપણ વ્યક્તિ સ્વાર્થ વિના આપણું કાંઇ પણ કામ કરે આપણા પર કાંઇ પણ ઉપકાર કરે તો આપણે તેના ઋણી કહેવાઇએ. આપણા પિતૃઓએ આપણા પર અનેકગણા ઉપકારો કર્યા છે તેથી પિતૃઓ તૃપ્ત થાય તેવું કાંઇ પણ કાર્ય કરીએ તો આપણે પિતૃઋણમાંથી મુક્ત થઇ શકીએ. પિતૃઓએ પોતાના જીવનમાં જે સંકલ્પો નિશ્ચિત કર્યા હોય, જે ધ્યેયો સિદ્ધ કરવા માગતા હોય પરંતુ જો તે બાકી રહી જવા પામેલ હોય તો તે પૂર્ણ કરવાની જવાબદારી પુત્રોની હોવી જોઇએ. પુત્ર આ અભિલાષા પૂર્ણ કરે તો પિતા સંતુષ્ટ થાય છે. જે પુત્ર પિતાના ધ્યેયને આગળ વધારે તે સંતાન પિતાનું સાચું તર્પણ કરે છે.

શ્રાદ્ધના દિવસો એટલે કે મૃત્યુ નિશ્ચિત છે. તે વિચાર કરવાના દિવસો. શ્રાદ્ધ પક્ષમાં મારે પણ મારા પિતૃઓની જેમ જવાનું છે. એવું સ્મરણ કરીને જીવનમાં સત્કૃત્યો કરવાનું ભાથું બાંધવા તૈયાર થવું.


શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કરવાનું છે. પરંતુ આજકાલ માનવજીવન યંત્રવત્ થઇ ગયેલ છે, ભાવનાશૂન્ય બની ગયું છે. મમતારહિત થયેલ છે. લોકો માનવ જીવનના મર્મને પૂરા અર્થમાં સમજતા નથી. શ્રદ્ધા ગુમાવી દીધેલ છે. શંકા-કુશંકા કરતા રહે છે. ભક્તિભાવપૂર્વક શુદ્ધ અંતઃકરણથી અને અનન્ય શ્રદ્ધાથી કરેલું શ્રાદ્ધ પિતૃઓને તૃપ્તિ આપનારું હોય છે. ત્રણ પ્રકારના ઋણમાંથી મુક્ત થવા માટેના આ દિવસોમા વિચાર કરવાનો હોય છે. આપણામાં આવેલી સમજણ બીજાને આપવાની હોય છે. ભ્રાંત અને ભૂલ ભરેલી સમજણ દૂર કરી સૌએ કૃતજ્ઞ બનવાનું છે.

ભાદરવા વદ દશમના શ્રીજી મહારાજનું શ્રાદ્ધ આવે છે. માનવ જીવન સ્વસ્થ રહે ઉન્નત બને અને સમાજ સદાચારી તેમજ નીતિમાન બને તે માટે શ્રીજી મહારાજે આપેલો દિવ્ય સંદેશ તેમજ તેમણે આપેલા સંત્શાસ્ત્રોના વચનો આપણા જીવનમાં આત્મસાત્ કરીએ આપણી સંસ્કૃતિના ભવ્ય વારસાને સાચવીને શ્રીજી મહારાજનો રાજીપો, તે દિવસે મેળવીએ.

- અસ્તુ...

---

# આત્માનો વિકાસ સંત સમાગમથી થાય



- ડો.એચ.વી.કેરાઇ (પી.એચ.ડી.) અંજાર - કચ્છ.

મુમુક્ષ જ્યારે વૈરાગ્યાદિક લક્ષણે યુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાને લાયક બને. આપણે વાતવાતમાં ભગવાનની કૃપા એમ બોલ્યા રાખીએ છીએ. પણ ભગવાનની કૃપા એમ કંઇ સૌ કોઇ બોલે એના પર થાય તેવું નથી. એના માટે કૃપાપાત્ર બનવું પડે.

જે મુમુક્ષ મુક્તો અને સત્શાસ્ત્રને કરીને વૈરાવ્ય પામ્યો હોય અને દ્રઢ શ્રધ્ધાવાન હોય અને અષ્ટપ્રકારનું બ્રહ્મચર્ય પાળતો હોય, સંપૂર્ણ અહિંસામાં માનતો હોય એવા મનુષ્યો

પર શ્રીજીની કૃપા થાય છે.

ભગવાનની કૃપા થઇ એટલે દેહને વિષે અહંતા ઘટે, સંતનો સંગ રાખે તેમ આત્માનો વધતો જાય તેમ તેમ મુમુક્ષની સ્થિતિ ઊંચ્ચ કક્ષાની થતી જાય છે.

આત્માનો વિકાસ થાય છે અને જેમ જેમ આત્માનો વિકાસ થાય છે તેમ તેમ દષ્ટિ બદલાતી જાય છે. આવા આત્મારામ ભક્તને સત્સંગમાં સાચા સંત કહેવાય. પણ એ મુક્તમાં પણ ભેદ હોય છે. બધા સંત એક સરખા હોતા નથી. કોઇ દીવા જેવા હોય તો કોઇક વળી મશાલ જેવા હોય. અન્ય વીજળી જેવા હોય તો વળી કોઇક વડવાનલ જેવા હોય.

તેમાં દીવા જેવા કે મશાલ જેવા સાધારણ સંત હોય તો તેઓ વિષયરૂપી વાયુને કરીને ઓલવાઇ જાય છે. જે જલ્દી ઓલવાય નહિ એવા વડવાનલ જેવા હોય તેઓ અન્યને જરૂર નિશ્ચય કરાવી શકે. જેમ સામાન્ય નોકરી કરતો મનુષ્ય દુકાનદારને નાણાકીય દષ્ટિએ કશા ઊપયોગમાં આવતો નથી. એ જ્યાં માંડ માંડ ગુજરાન ચલાવતો હોય ત્યાં અન્યને ક્યાં મદદરૂપ થઇ શકે !

અધ્યાત્મ માર્ગમાં પણ કંઇક એવું છે. જે મુમુક્ષોને મહાત્મય જ્ઞાને સહિત નિશ્ચય થયો હોય એ બીજાને નિશ્ચયરૂપ બનાવી શકે છે. જેટલા પ્રમાણમાં નિશ્ચયની દઢતા થાય તેટલા પ્રમાણમાં માયાનું આવરણ ટળે છે.

નિશ્ચયની વાત જરા અઘરી છે. પણ જો એકાંતિક સત્પુરુષ જોડે નિષ્કપટ પણે સંગ કરે તો જરા પણ અઘરું નથી. પછી એક દીપકથી બીજો દીપક પ્રગટી શકે. લગીરે પણ વાર ન લાગે. પણ એવા દીપકનો સીધો સંપર્ક હોવો જરૂરી છે. નવી દષ્ટિ વગર એવા સત્પુરુષ ઓળખાય નહિ.


એવા સાચા સંતને શોધીને એમના વિષે દઢ પ્રીતિ કરી દેવી જોઇએ. સત્પુરુષની મદદ આ માર્ગમાં અનિવાર્ય છે. આપમેળે એ કાર્ય શક્ય નથી એવો મુમુક્ષ અનેક જાતના તર્કો કર્યા રાખે. પણ ઇશ્વરના માર્ગમાં આગળ ન વધી શકે.

આ માર્ગમાં સંત સમાગમ છે તે જીવન દોરી છે. જેમ દેહને જીવંત રાખવા માટે અન્ન અને પાણીની જરૂર પડે છે. તેવી જ રીતનાં અધ્યાત્મ માર્ગમાં સંત સમાગમની જરૂર છે. ભગવાનના સાધર્મ્યવાળા સંતની જરૂર છે. બાકી તો ભગવાનની કૃપાનો કોઇ પાર નથી.

---

# સંત સમાગમ નો પ્રતાપ

- શીલ્પા વી. પટેલ (ગડાની)



વ્હાલા ભક્તજનો તમને ખબર છે સંતનો થોડીજ વારનો સમાગમ કરવાથી આપણા સંપ્રદાયમાં એક કસાઇ જેવો પાપી ડાકુ પણ પ્રભુનો ભક્ત બની ગયો.

એક ગરાસદાર ગરાસીયાને બે પત્નીઓમાં નાની સ્ત્રીએ મોટાના દીકરા વાલેરાને પિતાની મિલ્કતનો ભાગ આપવા ના દીધો. ઘણાં પ્રયત્ન પછી પણ પોતનો હક્ક ન મળવાથી નિરાશ થયેલો વાલેરો જંગલમાં જઇ બહારવટીયાઓ સાથે ભળી જઇ ડાકુ બની ગયો.

પોતાના ગામમાં તેમજ આજુબાજુના પંથકમાં

લોકોમાં હાહાકાર મચાવી દીધો. ઘાસ મૂળાની માફક માણસોને મારી તેમનું ધન લૂંટી લેતો. સાક્ષાત્ નિર્દયતાની મૂર્તિ એટલે વાલેરો વરૂ.

એક વખત સ્વામિનારાયણ ભગવાનના સંતો સાથે ગુણાતિતાનંદ સ્વામી આ જંગલમાંથી પસાર થયા. માણસોએ તેમને રોક્યા ત્યારે સ્વામીએ કહ્યું કે જે માર્ગ પર સંત એકવાર ડગલું ભરી લે પછી જો પોતાના પ્રાણ રક્ષવા માટે પાછા વળે તો તે સંત ના કહેવાય.

વાલેરો સંતોને આવતા જોઇ તેમને મારવા માટે પોતાના સાથીઓ સાથે તેમને ઘેરી વળ્યો. સંતો શાંતિથી પ્રભુ ભજન કરી રહ્યા હતા. જરા પણ બીક ન હતી. આ જોઇ વાલેરો આશ્ચર્ય પામ્યો. સ્વામીએ શાંતિથી કહ્યું વાલેરા તેં તારા પિતાના તુચ્છ ગરાશ મેળવવા માટે કેટલાય નિર્દોષ મનુષ્યોને માર્યા છે તે પાપમાંથી ક્યારે છૂટીશ. અને હવે મારા જેવા સાધુને મારવા તૈયાર થયો છે. વાલેરો સ્વામીની સ્વહિતની અમૃતવાણી સાંભળી સ્વામીના ચરણમાં પડયો. તેને સ્વામીને પ્રાર્થના કરી કે મને મારો ગરાશ અપાવો. સ્વામીએ તેને આઠ દિવસે તને તારો ગરાશ મળી જશે એવું વચન આપ્યું અને પાપવૃત્તિ છોડી દેવાનું અને પંચવર્તમાનના નિયમ ધરાવ્યા.

અભણ અને જાડી બુદ્ધી વાળા વાલેરાએ કહ્યું સ્વામી આઠ દિવસ ક્યારે થાય. સ્વામીએ એક દોરીમાં આઠ ગાંઠ વાળીને તેને આપીને કહ્યું જ્યારે રાત જાય અને સવારે સૂર્ય ઉગે ત્યારે એક ગાંઠ છોડવી જ્યારે આઠમી ગાંઠ છુટશે ત્યારે તને તારો ગરાશ મળી જશે.

એક-બે પછી આઠમા દિવસ પછી સવારે વાલેરાના ભાઇ-બંધું અને પિતાએ સામેથી તેને મિલ્કત આપવાનું કબુલ કર્યું. વાલેરાએ તો સ્વામીનો પ્રતાપ જોઇ તેમને મળવા માટે જુનાગઢ પહોંચ્યો.

સ્વામી સભામાં બેઠા હતા ત્યારે વાલેરાએ આવીને દંડવત્ કર્યા અને બધી વાત કહી સ્વામીએ રાજી થઇ તેના માથા પર હાથ મુકી આશીર્વાદ આપ્યા.

આમ આવા સંતોતો ગધેડા જેવા ને પણ ગાય જેવા શાંત ને સંસ્કારી બનાવે છે.

પણ આપણા પુન્યનો સંચય થાય છે ત્યારે જ આવા સાચા સંત મળે છે અને એમના વચનમાં વિશ્વાસ આવે છે. જય શ્રી સ્વામિનારાયણ

# પોતીકાં પ્રત્યે પત્રી

- હિંમ્મત કે. ઠક્કર 'રઘુવંશી'



સ્વધર્મ પ્રવર્તક શ્રી સહજાનંદ સ્વામી મહારાજ લખે છે :

''વડતાલમાં રહેલો એવો હું સહજાનંદ સ્વામી, નાના પ્રકારના દેશોમાં રહેલા મારા સર્વે આશ્રિતો પ્રત્યે શિક્ષાપત્રી લખું છું.''

જેમ અબુધ બાળક પાસે જગત જાણવા અનેક પ્રશ્નો જવાબ મેળવવા ઊભા હોય તેમ 'શિક્ષાપત્રી' કોણે, ક્યાં, શા માટે ને કોના માટે લખી ? આવા ઉત્સુક પ્રશ્નો ધર્મ વિષે અજાણ એવા સૌને ઉદ્ભવતા હોય. પ્રશ્નો

ઉદ્‌ભવવા જ જોઇએ કેમ કે, માનવ-મનનો તે મૂળભૂત વ્યાપાર છે. અંતરયામી પ્રભુ આ બધું જ જાણતા હોવાથી આગોતરી જ જવાબોની ઝરમર વર્ષાવી દીધી છે.

બીજા શ્લોકમાં વપરાયેલા 'નાના પ્રકારના દેશો' તથા 'મારા સર્વે આશ્રિતો' શબ્દ સમૂહો ને અનંતતા છે. જે જે દેશ-પ્રદેશમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય વ્યાપતો જશે તે બધા જ દેશો અને જે જે નર-નારીઓ ધર્મનાં આશ્રિત થતા જશે તે બધાને જ આ - પ્રેમપત્ર - લખાયો છે. પ્રેમ એટલે પૂર્ણપણે સમર્પિતતા...! પ્રેમ પણ પરમાત્મા જેમ અનંતતા ધરાવે છે.

આપણે વૈશ્વિક સ્તરે વિહંગાવલોકન કરીએ તો જણાશે કે, નાની-મોટી સંસ્થાઓ, કલબો, મંડળો, સંઘો કે સમગ્ર દેશને પણ એક સર્વ-સ્વીકૃત લિખિત ઢાંચો, બંધારણ હોય છે. તેવું જ ધર્મ, સંપ્રદાય પંથ કે મતકે માર્ગને પણ અલિખિત કે લિખિત નિયમાવલિ હોય છે.

સંપ્રદાયના મૂળભૂત દિવ્ય ગ્રંથો 'શિક્ષાપત્રી', 'વચનામૃત' ઇત્યાદિ દ્વારા શ્રીજી મહારાજે અનંત કૃપા કરી 'જીવને ભક્ત', 'પરમાત્મ તત્ત્વનો અધિકારી', 'સંસારીને વિરાગી' ને 'અધર્મીને ધર્મ નિષ્ઠ' બનાવતાં બનાવતાં સૌ આશ્રિત જીવોને તેમના પરમધામમાં પ્રવેશવા હક્કદાર બનાવી રહ્યા છે.

'શિક્ષાપત્રી'ના લિખિત સર્જનકર્તા તરીકે સ્વયં પરમાત્માએ પોતાનું - સહજાનંદ સ્વામી નામ આપેલું છે. વૃતાલય એટલે કે ગુજરાતનાં વડતાલમાં જ્યારે શ્રીજી મહારાજ રોકાયા હતા ત્યારે ત્યાં શિક્ષાપત્રી-રૂપી પ્રેમ ગંગાનું અવતરણ લિખિત સ્વરૂપે થયું છે.

મહાન અંગ્રેજ નાટયકાર વિલિયમ સેકસપીઅરે લખ્યું છે - What is there in name ? you may ray Rose, A Rose, or anything are..! મતલબ ગુલાબના ફૂલને 'ગુલાબ' કહો યા બીજું કંઇ શો ફેર પડે ?! નામમાં શું રાખ્યું છે ?

ધ્વનિ માપક યંત્ર છે 'સોનોમિટર'ને પૂછો, તે કહેશે, ખૂબ ફરક પડે છે. પ્રત્યેક અક્ષર અને શબ્દને 'સંવેદના', થડકાર, રણકાર ઇત્યાદિ હોય છે. તેથી 'શિક્ષાપત્રી'ના લેખક - સહજાનંદ સ્વામીને સમજીએ તો - સહજ + આનંદ બરોબર સહજાનંદ. જે 'આનંદ' સ્વયંભૂપણે પ્રર્વતેલ છે તે. આ 'આનંદ' આત્મસ્થિત છે અને તે પરમાત્માનું જ સ્વરૂપ છે. આ 'આનંદ' અર્જીત, ઊભી કરાયેલો કે કૃત્રિમપણે મેળવેલો નથી. જરા વિચારજો. અત્રે 'સહજાનંદ' ને બદલે બીજો કોઇ શબ્દ નામ બંધ બેસતું થાય ખરું ? આપણો સંપ્રદાય તો કહે છે, સત્સંગી સાચો તે છે જે સૌ ધળણેં ધાળીને સ્વીકારે...!

સહજાનંદ સ્વામી. 'સ્વામી' એટલે અતિશય ઐશ્વર્યવાન અને વ્યાપક અર્થમાં લઇએ તો અનંત બ્રહ્માંડના માલિક...!!

''જ્યાં જ્યાં નજર મારી પડે,
પ્રભુ, કણકણમાં યાદી તારી જડે !
ચોમેર પામું નંદ, આનંદ, સર્વાનંદ,
પરમાનંદ તમે જ છો સૌના સહજાનંદ !!''

વળી, શ્લોક-૨માં વપરાયેલ 'શિક્ષા' શબ્દનો અર્થ છે : અતિહિતકારી એવા ધર્મતત્ત્વનું જ્ઞાન-પ્રદાન કરનાર શિક્ષણ કે ભણતર.

''ભલે નસીબે કોઇ દેશાંતરમાં વળીઆ;
લોહીની સગાઇએ તો સૌ સ્વદેશના જડિયા;
પરમતત્ત્વમાં સૌ આતમ કેરાં મૂળિયાં !
પ્રેમ-પત્ર ઉકેલે તેને જ સહજાનંદ મળિયા !''

જગતભરમાં જ્યાં જેઓ છે તેમને માટે 'શિક્ષાપત્રીરૂપી પ્રેમ-પત્ર' ઇન્ટિનેટપર 'અપ-લોડ' કરાયો છે...! એજ સાચો સત્સંગી છે જે આ પ્રેમ-પત્રને મનન, ચિંતન, નિદિધ્યાસનમાં 'ડાઉન-લોડ' કરી રોજીંદા વ્યવહારમાં છૂટ્ટે હાથે વાપરશે ફેલાવશે. અરે... જણ જણને તેનો જ્ઞાન - પ્રસાદ વહેંચશે !

# ગાયનો મહિમા

- લિ. સત્યપ્રકાશ પાંડે

""nîQ ~÷m, Jb {dîU: _I aX n{V{ðVm: &
_Ü` XdJUm: gd am_H$n _hf`: &&
ZmJm: nÀN IamJf `Mmïm H$bndVm: &&
_Ì JJmX`m ZÚ: ZÌ`m: e{e^mñH$am &
EV Xdm `ñ`m ñVZm gm YZ daXm_Vm &&''

ગાયના બરડામાં બ્રહ્મા, ગળામાં વિષ્ણુ, મુખમાં મહાદેવ, મધ્યે દેવનાં ગણ, રૂંવાડાના છિદ્રમાં ઋષિઓ, પૂંછડામાં નાગો, ખરીઓમાં આઠ કુળ પર્વતો રહ્યા છે. મૂત્રમાં ગંગાદિ નદીઓ, નેત્રમાં ચંદ્ર સૂર્ય, તે પ્રમાણે રહેલા છે. ગાય રાજી થાય તો વર આપે. પોતાને ઘેર ઓસરીમાં બેસીને એક માળા ફેરવે તો એક માળાનું પુણ્ય, ઓસરીથી નીચે ઊતરીને ગાયના સ્થાનકે બેસીને એક માળા ફેરવે તો દશ માળાનું પુણ્ય વધારે થાય. ગામમાં બગીચામાં બેસીને એક માળા ફેરવે તો સો માળાનું પુણ્ય વધારે થાય. વનમાં બેસીને એક માળા ફેરવે તો હજાર માળાનું પુણ્ય થાય. પર્વતમાં બેસીને એક માળા ફેરવે તો દશ હજાર માળાનું પુણ્ય થાય. અને નદીમાં બેસીને એક માળા ફેરવે તો લાખ માળાનું પુણ્ય થાય. અને હનુમાનજી, ગણપતિ, શંકર તેમના મંદિરમાં બેસીને એક માળા ફેરવે તો કરોડ માળાનું પુણ્ય થાય. અને ભગવાનના મંદિરમાં બેસીને એક માળા ફેરવે તો અનંત માળાનું પુણ્ય થાય. તેમના પુણ્યોનો તો પાર નહિ માટે શ્રીજીએ ગામોગામ મંદિર કરીને શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી જે નિત્ય પ્રત્યે સાંયકાળે ભગવાનના મંદિરમાં જઇને માળા, ભજન, કથા, વાર્તા સર્વે કરવું તેથી અનંતગણું પુણ્ય થાય છે. ગાય પૃથ્વીનું સ્વરૂપ છે. જેણે ગાયનું દાન કર્યુ તેણે આખી પૃથ્વીનું દાન કર્યુ. જેણે ગાય વેંચી તેણે વિષ્ણુને પણ વેંચી દીધા. માટે ગાયનો પૈસો લેશે તો નર્કમાં પડે અને ગાય વધારે હોય તો બીજાને સેવા કરવા મફત દેવી અને મફત દેવાની શ્રદ્ધા ન હોય તો ગાયના સાટે ઘી લેવું. પણ પૈસો લેવો નહિં. કપિલા ગાયનું માહાત્મ્ય બહુ છે. જેનાં સર્વે ધોળા અંગ હોય તે કપિલા કહેવાય. કપિલા ગાયમાં બ્રહ્માંડના સર્વે તીર્થો રહે છે. માટે સવારમાં તે ગળું ધોઇને તે જળથી સ્નાન કરે તો ત્રીસ વર્ષનું પાપ બળી જાય. અને કપિલાની પ્રદક્ષિણા કરે તો સર્વ પૃથ્વીની પ્રદક્ષિણા થાય. એક પ્રદક્ષિણાથી દશ જન્મનું પાપ બળી જાય છે. કપિલા ગાયના મૂત્રથી સ્નાન કરે તો ગંગાજી અને સર્વ તીર્થોના સ્નાન કર્યાનું ફળ મળે. આખી જિંદગીનું પાપ બળી જાય છે. બીજી હજાર ગાયોનું દાન કરે અને એક કપિલાનું દાન કરે તે બરાબર છે. કપિલા ગાયનું દુધ નીચકર્મી પીએ તો પતિત, ચાંડાલ, તુલ્ય થાય છે. કપિલા ગાય નીચકર્મી ન રાખે. નીચકર્મી લોભથી કપિલા ગાયનું દૂધ, દહીં, ઘી ખાય તો પોતાના પિતૃઓ સહિત રૌ રૌ નર્કમાં પડે છે. તે ગાય જેટલા દિવસ જીવે તેટલા દિવસ તેના પિતૃઓ વિષ્ટા ખાય અને મરીને રૌ રૌ નર્કમાં એક કરોડ વર્ષ રહીને પછી પૃથ્વીમાં ભૂંડ, શ્વાનયોનિમાં જન્મે, વિષ્ટાના કીડા થાય. નીચકર્મીના ઘરે કપિલા ગાય હોય તેનું દાન બ્રાહ્મણ લે તો તે વિપ્રોના પિતૃઓ તે દિવસથી નર્કવાસી થાય છે. તે બ્રાહ્મણને પંકિત બહાર કરવો. નીચકર્મીના પ્રતિગ્રહ લેનારની સાથે બોલવું નહિં. એક આસને બેસવું નહિં. તે વિપ્ર પ્રાજોપત્ય વ્રત કરે ત્યારે પંકિતને યોગ્ય થાય. ઉત્તમ વેદ ભણેલ બ્રાહ્મણને વિયાવાની હોય એવી કપિલા ગાયનું દાન કરે તો આખી પૃથ્વીનું દાન કર્યા તુલ્ય ફળ થાય છે. અને તેની એકવીસ પેઢી પ્રભુના ધામમાં વિમાનમાં બેસીને જાય છે.



# બંધન શા માટે ? = x =

- વસંત કરશન પોકાર (ગડાણી)

સંયમના પાલનથી શકિત સંચય થાય અને નિયમના પાલનથી સમય સચવાય. જે સંયમિત છે. અને જે નિયમિત છે. તેજ હંમેશાં જીવન વિકાસ સાધી શકે છે.

સંયમ એ સ્વૈચ્છિક સ્વીકારેલું બંધન છે. બંધન વગર વિકાસ શક્ય નથી. વૃક્ષ જમીનનું બંધન સ્વીકારે છે. તેથી તેનું જીવન સફળ થાય છે. તે જો પક્ષીની માફક આકાશમાં ઉડવા લાગે તો તેને ફળ લાગે નહીં અને તેનું જીવન નિષ્ફળ બને. વીણાના તાર પણ સામ સામેની બે ખુંટીઓનું બંધન માન્ય કરે છે. તેથી જ તેમાંથી સંગીત પ્રગટે છે. અસ્ખલિત પ્રવાહથી વહેતી નદી પણ કિનારાઓનું બંધન માન્ય કરે છે. તેથી જ તેનું ઉંડાણ અને પરિણામે અસ્તિત્વ ટકી રહે છે. આપણે પણ આપણું જીવન સફળ સંગીતમય અને ચિરંજીવ બનાવવું હોય તો કેટલાંક બંધનો સ્વેચ્છાએ સ્વીકારવાં જોઇએ.



સંયમથી શક્તિનું કેન્દ્રીકરણ થાય છે. અને એકાગ્ર થયેલી મહાન કાર્યો કરવા સમર્થ બને છે. સંયમિત વરાળ મોટા એન્જિનો ચલાવવા માટે સમર્થ છે. બહિર્ગોળ કાચ પર કેન્દ્રિત કરાયેલા સૂર્યકિરણો તેની નીચે મૂકેલા કાગળને બાળવા સમર્થ બને છે. વિદ્યાર્થીમાં રહેલી વિભિન્ન શકિતઓને એકાગ્ર કરવાની આ વૃતિને જ પ્રાચીનકાળમાં બ્રહ્મચર્યોપાસના કહેવામાં આવતી. આજે છાત્ર શક્તિ અનેક માર્ગે વેડફાઇ જાય છે. અને તેથી જ મોટા ભાગના વિદ્યાર્થીઓ નબળા, મંદ અને થાકી ગયેલા જણાય છે. નિસ્તેજતા, ઉદાસીનતા તેમજ કોઇ પણ કામ માટેનો અનુત્સાહએ બ્રહ્મચર્યના અભાવનું પરિણામ છે.

ત્રિભુવનને ઘાસના તણખલાની જેમ તુચ્છ સમજનાર લવકુશની તેજસ્વિતા. વૈભવના ઢગલાથી મોહિત ન થતાં આત્મજ્ઞાનને માટે યમરાજની સામે અડગતાથી ઉભા રહેનાર નચિકેતાની અદ્ભુત જીવન નિષ્ઠા અને સૌંદર્યની સાક્ષાત્ પ્રતિમા સમી રંભા તરફ માતૃદષ્ટિથી જોનાર અર્જુનની ચારિત્ર્યનિષ્ઠા એ બ્રહ્મચર્યો પાસનાનું ફળ છે.

શકિતસંચયની માફક સમયને પણ સાચવવો જોઇએ. સમયને વેડફનારો માણસ કાળક્રમે પોતાના જીવનને જ વેડફી નાખે છે.

સમયને સાચવનારને સમય પણ સાચવી લે છે... કાળની ઉપેક્ષા કરનારનું જીવન સમાજમાં ઉપેક્ષિત બની જાય છે. પ્રાપ્ત સમયનો માણસે સદ્ઉપયોગ કરી લેવો જોઇએ. સમય અને સમંદરની ભરતી કદી કોઇની રાહ જોવા ટેવાયેલા નથી. આળસુ માણસને સમય મળતો નથી જ્યારે ઉધમીને કદી સમય ઓછો પડતો નથી.

આળસ એ માણસના શરીરમાં જ રહેનારો એનો મહાન શત્રુ છે. ગયેલો સમય પાછો આવતો નથી તેથી...

સમયના બારામાં સેવેલી શિથિલતા એ એક પ્રકારનો અક્ષમ્ય અપરાધ છે. ઘણીવાર આળસુ માણસો પોતાના આળસનું સમર્થન કરતા જોવા મળે છે. આવા પ્રમાદીઓનું જીવનસૂત્ર હોય છે.

''આજ કરે સો કાલ કર, કાલ કરે સો પરસો,
પરસોં પરસોં કયા કરે, જબ તુઝે જીના હે બરસો,
પરંતુ જે મનુષ્ય પુરુષાર્થી છે, તેનું જીવનસૂત્ર અલગ છે,
કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
પલમેં પ્રલય હોયેગા, તો બહુરે કરોગે કબ...?''

# સંતને અર્થે

- સંકલન : રમણીક ગોર

એક વખત શ્રીજી મહારાજ ગામ ઉમરેઠ નંદુરામ ઠાકરને ઘેર પધાર્યા. ત્યારે નંદુભાઇએ રસ રોટલીની રસોઇ કરીને શ્રીજી મહારાજને જમાડયા. સંતોની પંક્તિ કરીને શ્રીજી મહારાજ પોતે પીરસીને સંતોને જમાડવા માંડયા ત્યારે રસ સારું મહારાજે સાકર (ખાંડ) માંગી ત્યારે બીજા માણસો બોલ્યા હે મહારાજ ! અમારા દેશમાં રસમાં ખાંડ નાખવાનો ચાલ (રીવાજ) નથી. પછી મહારાજે રસ રોટલી સારી રીતે પીરસીને સંતોને ખૂબ જમાડયા. પછી પોતે હાથ-પગ ધોઇ ઉતારે પધાર્યા. અને સંતો પણ જમીને ઉતારે પધાર્યા.

નંદુરામભાઇ જમવા બેઠા ત્યારે રસમાં ખટાશ જણાતા બોલ્કા કે ''રસમાં તો બહુ ખટાશ છે'' ત્યારે બીજા માણસો બોલ્યાં જે ''સંતોને પીરસતી વખતે મહારાજે ખાંડ માંગી હતી પણ અમોએ તેમને કહ્યું નહીં ને મહારાજને કહ્યું જે આ દેશમાં ખાંડ નાખવાનો ચાળ નથી ! ત્યારે નંદુરામભાઇ બોલ્યા જે બહુ ખોટું થયું. શ્રીજી મહારાજે ખાંડ માંગી ને ન આપી. માટે મારે આજથી ખાંડ સાકર ખાવા નહીં. એમ કહી પોતે જીવ્યા ત્યાં સુધી ખાંડ સાકર ન ખાવાનું નિયમ રાખ્યું.

માટે મિત્રો : આપણે આપણા જીવનમાં પલોટીને જોઇએ કે સત્સંગમાં ભગવાન અને સંતો માટે શું કરી રહ્યા છીએ. અને શું કરવું જોઇએ. કારણ કે જે વસ્તુ ભગવાન અને ભગવાનના સંતોને માટે કામ ન આવે તો તે વસ્તુ આપણે કેટલી ઉપયોગી થાય ? ''શ્રીજી મહારાજે લોયાના ત્રીજા વચનામૃતમાં વાત કરી છે. તો ચાલો, આપણે પણ નિષ્ઠાવાન સંતને અર્થે જીવવાવાળા ભગવાનના પ્રેમી ભક્તની વાત વાંચી સાંભળી એના ગુણ જીવનમાં ઉતારવા પ્રયત્નો કરીએ અને શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરી નંદુરામભાઇ જેવી નિત્ય અને પ્રેમ અમારા જીવનમાં આવે એવી પ્રાર્થના સાથે સૌ વાચક મિત્રોને જયશ્રી સ્વામિનારાયણ...

---

# પંચવર્તમાન

- વસંત વી. જાદવ (કેશોદ)

ધાર્મિકજીવનમાં પંચવર્તમાન એ પ્રથમ પગથિયું છે. દરેક જીવાત્માના જીવનમાં અધર્મથી બચવા માટે પંચવર્તમાન મુખ્ય છે. ચોરી, અવેરી, દારૂ, માંસ, વટલવું અને વટલાવવું. આ પંચવર્તમાન સત્સંગીના છે. પછી નિઃસ્વાદ, નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્નેહ આ પંચવર્તમાન સહિત વર્તે તે ધર્મવાન સંત પુરુષ છે. આ પંચવર્તમાન ધર્મના મુખ્ય આધાર છે. પંચવર્તમાન પાળવાથી જ ભગવાનની ભકિત કરવામાં આનંદ આવે છે. ભગવાનની આજ્ઞા-નિયમથી જ ભગવાન રાજી થાય છે - જેટલી આજ્ઞાપળે તેટલું સુખ અને જેટલી આજ્ઞા લોપે તેટલું દુઃખ આ પરમ સિધ્ધાંત છે.

''પાંચે વર્તમાન પાળે, બાઇઓને ભાઇઓ,
હરિજન સંગે કીધી, સાચી સગાઇ રાજ...
બાઇઓ દેખીને ભાઇઓ છેટેરા ચાલે,
પડી વસ્તુ કોઇની, હાથે નવ જાલે રાજ...''

આ છે. આપણા પંચવર્તમાનની પ્રણાલિકા. જીવનમાં પંચવર્તમાન પાળે તે જરૂર સુખી થાય છે. આપણને જે સંપ્રદાય મળ્યો છે. તેનો જોટો ચૌદ બ્રહ્માંડમાં ક્યાંય જોવા નહીં મળે. શ્રીજી મહારાજે સત્સંગના ભીડામાં રહેવા માટે મનુષ્ય ભાવથી આ સત્સંગમાં રહ્યા છે. ભગવાન શ્રીહરિએ સત્સંગને સૌથી અધિક કીધો છે. સત્સંગ કરવાથી જ ભગવાનનો આપણી ઉપર રાજીપો થાય છે. આજ્ઞા અને નિયમ એ બે રેલવેના પાટા છે. શરીરરૂપી એનર્જિન છે. જીવાત્મારૂપી ડ્રાઇવર છે - જીવાત્મા આજ્ઞા અને નિયમના પાટાથી બહાર જાય તો કલેશરૂપી અકસ્માત થાય માટે શ્રીજી મહારાજની પંચવર્તમાનરૂપી બાંધેલી મર્યાદામાં રહી. આજ્ઞા અને નિયમમાં વર્તી સત્સંગ કરી લેવો તેનું નામ જ સાચુ જીવન છે.

# સંધિક જવર (આમવાત જ જવર)

- મહેન્દ્ર બી. દવે, માંડવી

લેખ નં.૭૯ (હપ્તો - ૨)

ગયા અંકમાં આપણે સંધિક જવરના તમામ નાના-મોટા લક્ષણો જોયા. હવે તેના ઉપાયો જોઇશું.

• ચિકિત્સાક્રમ :- સંધિક જવરમાં દરદીની તાસીરનો ખ્યાલ રાખી સામાન્ય ચિકિત્સા શરૂ કરવી. પણ સોજો અને દુ:ખાવો દૂર કરવા માટે કેટલાક ઔષધ પ્રયોગ જરૂરી છે. આ જવરમાં હૃદય પર કેટલીક અસર થતી હોય છે. માટે તેની સુરક્ષા પણ જરૂરી છે. ટૂંકમાં હલકો જુલાબ, લંઘન, પાચન, હૃદયની સુરક્ષા કરનારી ઔષધિઓ જરૂરી છે.



૧. ત્રિભુવનકીર્તિરસ : ૨ ગોળી સવાર-સાંજ મધ સાથે અથવા પાણી સામે.

૨. દશમુલ કવાથ : એક-એક ચમચી ચાર-ચાર કલાકના અંતરે દિવસમાં ત્રણ વખત.

૩. હિંગાષ્ટક ચૂર્ણ : એક-એક ચમચી બપોરે અને રાતે ભોજન બાદ ગરમ પાણી સાથે.

૪. હૃદયાર્ણવ રસ : દિવસમાં બે વખત એક-એક ગોળી મધ સાથે અથવા જહર મોહરા ચૂર્ણ : એક-એક ચમચી દિવસમાં બે વખત મધ સાથે. આ ઉપરાંત સંધિક જવરના દુ:ખાવા માટે (૧) મહાયોગરાજ ગુગળ : સવાર-સાંજ ૨-૨ ગોળી પાણી સાથે. (૨) અશ્વગંધા રિસ્ટ : સવાર-સાંજ ૨-૨-ચમચી પાણી સાથે. (૩) સૂતશેખર રસ : બપોરે - રાતે જમ્યાબાદ ૨-૨ ગોળી દૂધ સાથે. (૪) મહાનારાયણ તેલ અથવા મરિચ્યાદિ તેલની માલીસ શરીરના દુ:ખતા સાંધાઓ પર હળવે હાથે કરવી. દિવસમાં એક વખત.

ઉપર જણાવેલ ચિકિત્સા પુખ્ત વયની વ્યક્તિઓ માટે છે. એટલે કે ૧૭ વર્ષથી નીચેની વ્યક્તિઓ માટે ઉપરની અરધી માત્રાનું પ્રમાણ હોવું જરૂરી છે. (વૈદકીય સલાહ અનુસાર દવાઓ લેવી જરૂરી છે.)

• પથ્ય (ખાવા યોગ્ય) : જવ, ઘઉં અથવા બાજરાની રોટલી, જુના ચોખા, તુવેર કે મગની દાળ અથવા તેનું પાણી લીલા પાંદડાવાળી ભાજી જેમ કે પાલખ, તાંદળજો, મેથી, બથુઓ, ડોડી વગેરે. દૂધી, તુરીયા, કાચા પપૈયા, ટીંડોરા, પરવળ, કારેલા, કંકોડા (કંટોલા) વગેરે શાક બાફેલા અથવા ઓછા મશાલા સાથે ખાવા, ફળોમાં દાડમ, પાકુ પપૈયું, સફરજન, નાશપતી, આમળા, દ્રાક્ષ વગેરે. તાજી છાશનું પણ સેવન કરવું.

• અપથ્ય : (નખાવા યોગ્ય) : દહીં, બટાકા, કોબી, ચોળા, રાજમા, વાલ, વટાણા, અળવી, અન્ય કંદ, ગોળ, ભેંશનું દૂધ, અડદ તથા તેમાંથી બનતી વાનગીઓ, ઠંડાપીણા, ખુલ્લા જળાશયનું પાણી, ફ્રીજમાં મૂકેલા પદાર્થોમાં ફળો, શાક, અથાણું, આમલી અને બીજા તમામ ખાટા પદાર્થો વધુ પડતો વ્યાયામ, પંખાની સીધી હવા, એયર કંડીશનરનો ત્યાગ, દિવસમાં સૂવું. આ બધું છોડવા યોગ્ય છે.

(હવે પછી - રોગોની ઘરગથ્થુ સારવાર)

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## છપૈયા, મુક્તિનાથ, કૈલાસ, માનસરોવર યાત્રા

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી ૨૧ સંતો તથા ૨૧ હરિભક્તો મળી ૪૨ યાત્રિકોએ શ્રી નરનારાયણદેવ આદિ દેવોનાં દર્શન કરી તા.૧૬-૮-૨૦૧૨ના રોજ છપૈયા, મુક્તિનાથ તથા દુર્ગમ એવી કૈલાસ માનસરોવર યાત્રા માટે પ્રસ્થાન કર્યું. પ્રસ્થાન સમયે યાત્રિકોએ પ.પૂ.મહંત સ.ગુ.સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.સ્વામી ભક્તિવલ્લભદાસજી આદિ સંતોએ ફુલહાર આરોપી આપેલા આશીર્વાદ સન્માનનો સ્વીકાર કર્યો, ત્યારે ઉપસ્થિત દર્શનાર્થી હરિભક્તોએ તાલીઓના ગડગડાટથી હર્ષભીની વિદાય આપી હતી.

યાત્રિકો શ્રી સ્વામિનારાયણ ટ્રાવેલ્સની ગાડીમાં નાથદ્વારા પહોંચી ત્યાં શ્રીનાથજી ભગવાનનાં દર્શન કર્યા. ત્યાંથી જયપુર થઇ મથુરા પહોંચ્યા. ભગવાન શ્રી કૃષ્ણચંદ્રનાં દર્શન કરી ગોકુળ વૃન્દાવનમાં શ્રીકૃષ્ણ પરમાત્માનાં લીલા સ્થળો કુંજગલી વગેરે તથા પ્રેમમંદિર અને કનૈયાએ ગોપસમાજ અને ગાયોનું અનરાધાર વૃષ્ટિથી રક્ષણ કરવા ગોવર્ધન પર્વતને ઉંચકી છત્ર ધરી ઇન્દ્રરાજાના ગર્વનું ખંડન કર્યું હતું એવા ગોવર્ધનપર્વતનાં દર્શનનો લાભ લીધો.

અયોધ્યામાં દેવદર્શન ભગવાન રામચંદ્રનું જન્મ સ્થાન, હનુમાન ગઢી, કનક ભૂવન વગેરે દર્શન તેમજ સરયૂસ્નાનનો લાભ લીધો.

ત્યારપછી છપૈયામાં બાલ ઘનશ્યામનું જન્મ સ્થળ, ભગવાનનાં લીલા સ્થળો, મંદિર આદિ સ્થળોએ દર્શન અને નારાયણ સરોવરમાં તીર્થસ્થાન કરી સમગ્ર પંચતીર્થી કરી.

નેપાળમાં બુટાલપુર પોખરા જોમસુમ થઇ મુક્તિનાથ ગયા. મુક્તિનાથ ભગવાનનાં દર્શન કરી ૧૦૮ જલધારામાં સ્નાન કર્યું. ભગવાન નીલકંઠવર્ણીએ મુક્તિનાથ ધામમાં એક પગે ઊભા રહી આકરું તપ કરી ભગવાન સૂર્યદેવની આરાધના કરી હતી. ભગવાન સૂર્યદેવે પ્રસન્ન થઇ નીલકંઠવર્ણીને પ્રત્યક્ષ દર્શન આપી વરદાન આપ્યું હતું.

તા.૨૮-૮-૨૦૧૨ના રોજ કાઠમંડુમાં પશુપતિનાથ ભગવાનનાં દર્શન કરી તા.૩૦-૮-૨૦૧૨ના દિવસે ચીનની સરહદ (બોર્ડર) ઓળંગી માનસરોવર પહોંચ્યા. અહીં કથા, કીર્તન, મહાપૂજા આદિ કાર્યક્રમથી વાતાવરણ ભક્તિભાવથી મધમધી ઊઠ્યું. ૨૧ સંતો અને ૨૧ હરિભક્તોએ સાથે મળી માનસરોવરમાં સમૂહ સ્નાન કરી દિવ્યસ્મરણ ગાંઠે બાંધી લીધું. ત્યાંથી હરહર ભોલે શંકરના નિવાસ કૈલાસ પર્વતની ૩ દિવસની તપોમય પ્રદક્ષિણા (પરિક્રમા) કરી પરત આવવા પ્રસ્થાન કર્યું અને તિબેટ બોર્ડર પાર કરી તા.૯-૯-૧૨ના રોજ કાઠમંડુ પહોંચી. તા.૧૦-૯-૧૨ના કચ્છની દિશામાં આગળ વધતા તા.૧૨-૯-૧૨ના ભુજ પહોંચી શ્રી નરનારાયણદેવ આદિ દેવોના દર્શન કર્યા. સંતોના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી.

કોઠારી પાર્ષદ પ.પૂ.જાદવજી ભગતની આજ્ઞાથી યાત્રાનું સંચાલન અને યાત્રિકો માટે આવશ્યક તમામ વ્યવસ્થા સાચવવાનું કાર્ય કોઠારી સ્વામી દિવ્ય સ્વરૂપદાસજી તથા પુ.સ્વામી ધર્મચરણદાસજી આદિ સંતોએ સંભાળી સર્વે યાત્રિકોને રાજી રાખ્યા હતા.

યાત્રામાં પ્રવાસી સંતો - ૨૧

કોઠારી પાર્ષદ પ.પૂ.જાદવજીભગત, સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી મહાપુરુષદાસજી, સ.ગુ. સ્વામી જગજીવનદાસજી, પુ.સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, પુ.સ્વામી ધર્મચરણદાસજી, પુ.સ્વામી પરમેશ્વરસ્વરૂપદાસજી, પુ.સ્વામી જ્ઞાનસ્વરૂપદાસજી, પુ.સ્વામી ઘનશ્યામસેવકદાસજી, પુ.સ્વામી

શાન્તિસ્વરૂપદાસજી, પુ.સ્વામી દેવજીવનદાસજી, પુ.સ્વામી પુરુષોત્તમચરણદાસજી, શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, પુ.સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી, શા.સ્વામી ભકતવત્સલદાસજી, પુ.સ્વામી રઘુવીરચરણદાસજી, પુ.સ્વામી ઘનશ્યામકેશવદાસજી, પુ.સ્વામી ભકિતચરણદાસજી, પુ.સ્વામી કૃષ્ણવિહારીદાસજી

યાત્રામાં પ્રવાસી હરિભક્તો - ૨૧

દેવજી જાદવજી છભાડીયા આદિ, માંડવી - ૮ જણ, ભુજનગર - ૩ જણ, મુંબઇનગર - ૧ જણ, નારણપર - ૩ જણ, લંડન (યુ.કે.) - ૬ જણ.

સંતો હરિભક્તો દુર્ગમ પહાડી ઇલાકાની કઠિનયાત્રા આનંદપૂર્વક કરીને ભુજ મંદિરે હેમખેમ પહોંચી આવ્યા તે નિમિત્તે ભુજ મંદિરે કીર્તન, ધુન તથા મહાઆરતીનું આયોજન તા. ૧૬-૯-૨૦૧૨ રવિવારે સાંજે સાત વાગે યાત્રા પ્રવાસના ૨૧ હરિભક્તોના યજમાનપદે કરવામાં આવ્યું. કાર્યક્રમના આયોજક હતા. હ.ભ.ભરતભાઇ ઝવેરીલાલ જોશી ગાંધીધામ વાળા.

આ કાર્યક્રમ સાથે પ.પૂ.મહંત સ.ગુ.સ્વામી ધર્મનંદનદાસજીને હસ્તે સંતો હરિભક્તો મળી સમસ્ત ૪૨ યાત્રિકોને ફૂલહાર તથા પ્રશસ્તિપત્રની ભેટ સાથે આશીર્વાદ આપવામાં આવ્યા હતા.

## પંચાહ્ન કથા પારાયણ

અધિક ભાદરવા સુદ-૧૧ સોમવાર તા.૨૭-૮-૨૦૧૨ થી અધિક ભાદરવા સુદ-૧૫ શુક્રવાર સુધી પાંચ દિવસની કથાનું પારાયણ યોજવામાં આવ્યું.

યજમાન શ્રી વિલ્સ્ડન મંદિર મહિલા મંડળ લંડન (યુ.કે.) તરફથી યોજવામાં આવેલ આ પારાયણમાં કથાના વક્તા પુ.સ્વા.શ્યામકૃષ્ણદાસજીએ વ્યાસપીઠ પર બિરાજી, સ.ગુ.સ્વા.નિષ્કુળાનંદમુનિએ રચેલ 'પુરુષોત્તમ પ્રકાશ' શાસ્ત્રની કાવ્યમય કથાનું રસભરપુર શ્રવણ કરાવ્યું. સ્વામીશ્રીએ કથા વસ્તુમાં રહેલ ભકિતભાવ તથા વૈરાગ્યભાવનો સમન્વય સ્પષ્ટ કર્યો. કથા શ્રવણ ધીમી ગતિએ અને જોડણીદાર શબ્દોને છુટા પાડી કથાનો ભાવાર્થ શ્રોતાઓના હૃદયમાં ઉતારી સૌને ખુશ કર્યા.

કથા સમાપ્તિ પ્રસંગે સ.ગુ.સ્વામી શ્રી હરિદાસજીના ઉદ્‌બોધન પછી શા.સ્વામી ભકિતપ્રિયદાસજીએ યજમાનનો પરિચય અને ભકિતભાવના તથા કથા પ્રસંગની માહિતી આપી.

ત્યાર પછી સ.ગુ.સ્વામી પ્રેમપ્રકાશદાસજીને હસ્તે સંબંધિત યજમાન પરિવાર હરિભક્તોનું ફૂલહાર આરોપી અને શાલ ઓઢાડી સન્માન કર્યું.

યજમાન તરફથી મંદિરને ૧ ગાય, ગાયનો ચરો, ૧ માસ સુધી દીપમાળા, અને ૧ માસ સુધી મહાપૂજાની ભેટ આપવામાં આવી.

મંદિરના શાસ્ત્રી મહારાજે યજમાન પરિવારના ભાઇઓ દ્વારા પૂજન, આરતી વગેરે વિધિ કરાવ્યા પછી પ્રસાદ વિતરણ ધુન તથા કિર્તન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

## ચમક - ઝમક

- સ.ગુ.મહંત પુ.સ્વામી પ.પૂ.ધર્મનંદનદાસજીની સાંનિધ્યમાં ભાદ્રપદ પુરુષોત્તમ માસમાં શ્રી નરનારાયણદેવ આદિ દેવોના પાટોત્સવો, બાલ ઘનશ્યામનો પ્રાગટયોત્સવ, રામનવમી, જન્માષ્ટમી, વામન જયંતી, નરસિંહ જયંતી, શિવરાત્રી, હનુમાન જયંતી, ગણેશ ચતુર્થી, રંગોત્સવ વગેરે તહેવારો ઉત્સવો તિથિ અનુસાર ક્રમ પ્રમાણે ઉજવવામાં આવ્યાં.
- અધિક ભાદ્રપદ માસમાં દર રવિવારે મંદિરમાં મંગળા આરતી પછી ધુનનું આયોજન કરવામાં આવ્યું. હરિભક્તોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો. ધુન સાથે પ્રસાદ વિતરણ કરવામાં આવ્યું.
- તા.૧૬-૯-૨૦૧૨ ભાદ્રપદ પુરુષોત્તમ માસ, પ્રતિપદા સહિત અમાવાસ રવિવારે ભગવાનને ૫૬ ભોગનો અન્નકૂટ ધરાવી ભવ્ય ઉત્સવ ઉજવવામાં આવ્યો. પ.પૂ.મહંત સ્વામી, સ.ગુ.સ્વામી પ્રભુચરણદાસજી, પ.પૂ.કોઠારી પાર્ષદ જાદવજીભગત, કોઠારી સ્વામી દિવ્યસ્વરૂપદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજીની સાંનિધ્યમાં હસુભાઇ ઠક્કર તથા રમેશભાઇ ઠક્કરે આરતીનો લાભ લીધો. અન્નકૂટ દર્શન કરી હરિભક્તોએ ખુશી વ્યક્ત કરી.

- અહેવાલ : ઓ.વ્યાસ

# સત્સંગ સમાચાર

## માધાપર મધ્યે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ

ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પૂર્ણ કૃપા તથા ભુજ મંદિરના મહંત સ.ગુ.પુ.સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતોના રૂડા આર્શીવાદથી ગામ માધાપર નવાવાસ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (બંનેમંદિરમાં) પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન તા.૪-૯-૨૦૧૨ને મંગળવારથી તા.૮-૯-૨૦૧૨ને શનિવાર સુધી રાખવામાં આવેલ હતું. જેના યજમાન પદે અ.નિ.હરજીભાઇ વેલજી પીંડોરીયા તથા ગં.સ્વ.ધ.પ.સુંદરબાઇના મોક્ષાર્થે હસ્તે સુપુત્ર પરબતભાઇ તથા જાદવજીભાઇ સહપરિવારે લાભ લીધો હતો.

આ કથા પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી બ્રહ્મમુનીદાસજીએ શ્રીમદ્ ભાગવતના બધા સ્કંધનો ટૂંકમાં સાર સાથે શ્રીકૃષ્ણ ભગવાનના દિવ્ય લીલા ચરિત્રોને બહુ સાદી ભાષામાં વર્ણવી કથામૃતનું પાન કરાવેલ હતું. આ કથા પ્રસંગે મંડળના મહંત સ.ગુ.પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી તથા સ.ગુ.સ્વામી સનાતનદાસજી તથા પુરાણી સ્વામી કેશવજીવનદાસજી આદિ સંત-પાર્ષદના સાથ-સહકાર સાથે ભક્તોને આશીર્વાદ સહ રાજી કર્યા હતા.

કથાના ત્રીજા દિવસે યજમાન પરિવાર પરબતભાઇના ઘરે સંતોની પધરામણી કરવામાં આવેલ અને તેજ દિવસે રાત્રે તેમના ઘરે ઠાકોરજીની બેન્ડપાર્ટી, મંડળી સહિત પાલખી સાથે પધરામણી કરવામાં આવેલ અને ચોથા દિવસે યજમાન પરિવાર તરફથી જમણવાર હોવાથી સંતો પટેલવાડીમાં ઠાકોરજીને થાળ જમાડવા માટે પધાર્યા હતા.

કથાના પાંચમા દિવસે બહેનોના મંદિરમાંથી છાબનું સામૈયું ભાઇઓના મંદિરમાં ધામધૂમથી લઇ આવ્યા બાદ યજમાન પરિવારને તથા ગામના હરિભક્તોને વડીલ સંતોએ રૂડા આશીર્વાદ આપી રાજી કર્યા હતા. ત્યારબાદ પંચાહ્ન પારાયણ નિમિતે યજમાન પરિવારને ભુજ મંદિરવતી તથા માધાપર મંદિર વતી સંતોના વરદ્ હસ્તે પહેરામણી આપી સતકારવામાં આવેલ. ત્યારબાદ ઉત્થાપન વિધિ, પોથીપૂજન, વક્તાનું પૂજન કરી સમાપ્તીની આરતી ઉતારી સંતોનું પૂજન કરી ધૂન્ય કીર્તન સાથે પંચાહ્ન પારાયણની સમાપ્તી કરવામાં આવેલ.

અહેવાલ : મંત્રીશ્રી અરજણભાઇ ભુડીયા

## શાળાકીય તેમજ ગ્રામીણ રમતોત્સવમાં શ્રી સહજાનંદ ગુરુકુલ સંચાલિત - શ્રી પુરુષોત્તમ વિદ્યાલયનો દબદબો

ભુજ જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા દર વર્ષે આયોજિત રમતોત્સવ અંતર્ગત તાલુકા શાળાકીય રમતોત્સવમાં શ્રી સહજાનંદ ગુરુકુલ સંચાલિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલયે અનેક રમતોમાં મેદાન માર્યું હતું. અન્ડર - ૧૭ વોલીબોલ સ્પર્ધામાં તથા ખો-ખોની સ્પર્ધામાં અન્ડર-૧૪માં સુંદર દેખાવ કરી ચેમ્પીયન થયેલ. જ્યારે અન્ડર-૧૭ ખો-ખોમાં વિજેતા જાહેર કરવામાં આવેલ.

તેમજ એથ્લેટિકસ અન્ડર - ૧૪ અંતર્ગત ૨૦૦ મીટર દોડમાં વિજેન્દ્ર કણજરીયા. ગોળાફેંકમાં

લીંબાણી જયદીપ. તેમજ અન્ડર - ૧૯ અંતર્ગત ૧૦૦ મીટર દોડમાં બરાડીયા શંકર. ઊંચીકૂદમાં દબાસીયા ગૌરવ. અને અન્ડર - ૧૭ ની ૧૫૦૦ મીટર દોડમાં ચાવડા મનીષ સુંદર દેખાવ કરી જિલ્લા માટે પોતાનું સ્થાન નિશ્ચિત કરવામાં સફળતા મેળવેલ છે.

તેમની આ સફળતાને સંસ્થાના સંચાલક સંતોએ બિરદાવી શા.સ્વામી ગોલોકવિહારીદાસજી, સ.ગુ. સ્વામી યજ્ઞપુરૂષદાસજી, પુ.સ્વા. અક્ષરવિહારીદાસજી, પુ. સ્વામી ઘનશ્યામવલ્લભદાસજી, શા.સ્વામી દેવસ્વરૂપદાસજી તથા ટ્રસ્ટીગણ તેમજ આચાર્યશ્રી તથા સ્ટાફ મિત્રોએ ખૂબખૂબ અભિનંદન આપી જિલ્લાકક્ષાએ સફળતા માટે શુભેચ્છા પાઠવી હતી.

ભુજ જિલ્લા રમત-ગમત કચેરી દ્વારા યોજાયેલ ગ્રામીણ રમતોત્સવમાં શ્રી સહજાનંદ ગુરુકુલ સંચાલિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ગ્રામીણ કક્ષાની કબડી, ખો-ખો, વોલીબોલ, તેમજ એથ્લેટિકસમાં જિલ્લા કક્ષાએ ચેમ્પિયન થયા છે અને રાજ્યકક્ષાએ નેતૃત્વ પુરું પાડશે. આ ઉપરાંત કુસ્તીમાં પણ સાત વિદ્યાર્થીઓ પૈકી વરસાણી શ્યામ પી., શિયાણી મનિષ પી., મરંડ કપિલ એસ., ચાવડા દીપક ડી., વવિયા જયેશ એન., વરસાણી નિમેશ કે., વેકરીયા મહેશ આર. આ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ પસંદગી પામતાં શાળા પરિવારમાં હર્ષ-ઉત્સાહનો માહોલ છવાઇ ગયો છે.

રમત-ગમતનાં આ તમામ મોરચે મળેલી સફળતા ને સંસ્થાના સંચાલક સંતો તેમજ ટ્રસ્ટીઓએ, આચાર્યશ્રી, શિક્ષકગણ અને તમામ વિદ્યાર્થીઓએ ખૂબ અભિનંદન આપી રાજ્યકક્ષાએ શ્રેષ્ઠ દેખાવ માટે શુભેચ્છા પાઠવી હતી.

વિવિધ સ્પર્ધાઓમાં શ્રી સહજાનંદ ગુરુકુલ સંચાલિત શ્રી પુરુષોત્તમ વિદ્યાલયનો ભપકો

તાજેતરમાં ભુજ ખાતે ''યુવા મહોત્સવ''માં વેકરીયા અવિનાશ, ગોવિંદ ભરત - નાટય કૌશલ્ય કળામાં ખૂબ જ સુંદર દેખાવ કરી તાલુકા કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવેલ છે.

ત્યારબાદ સી.આર.સી. કક્ષાની યોજાયેલ નિબંધ - લેખન સ્પર્ધામાં કાપડી ચેતન અરવિંદ પ્રથમ સ્થાન મેળવેલ હતું. અને ત્યારબાદ તાલુકા કક્ષાએ દ્વિતીય સ્થાન મેળવેલ હતું. તેમજ સી.આર.સી. કક્ષાએ વક્તૃત્વ સ્પર્ધામાં વાઘમશી કિશન રતીલાલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલું હતું. ને તાલુકા કક્ષાએ પણ પ્રથમ સ્થાન મેળવેલ હતું. તે બદલ સંચાલક સંત મંડળ, ટ્રસ્ટી મંડળ, શિક્ષક સ્ટાફે ને વિદ્યાર્થીમિત્રોએ ખૂબ અભિનંદન આપી આગળ શ્રેષ્ઠ દેખાવ માટે શુભેચ્છા પાઠવી હતી.

અહેવાલ-ખીમજી ભગત

## માંડવી મંદિરમાં ઉજવાયા વિવિધ ઉત્સવો

અભિષેક -૧ :- શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં બિરાજમાન શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજના સાંનિધ્યમાં તથા પૂજ્ય મહંત સ્વામીની આજ્ઞા આશીર્વાદથી અધિક ભાદરવા માસ દરમ્યાન ફાગણ સુદ-૨ના ઉજવાતો શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણમહારાજના પાટોત્સવ નિમિત્તે તા.૧૯-૮-૨૦૧૨ રવિવાર અધિક ભાદરવા સુદ-૨ના વહેલી સવારે મહાભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અન્નકૂટ ગોઠવવામાં આવ્યો હતો. તેમજ સાંજે અષ્ટરાજોપચારથી મહાપૂજા કરવામાં આવી હતી. જેમાં ભૂદેવશ્રી વિદ્વર્ય રામપ્રિયજી તથા તેમના શિષ્ય મંડળે આ મહાપૂજા કરાવેલી હતી. યજમાન પદે માંડવી બહેનોના મંદિરના ઉપમહંત સાંખ્યયોગી કાનબાઇ તથા અમરબાઇ તથા શિષ્ય મંડળે લાભ લીધો હતો. ૬૦૦ કિલો પુષ્પથી શ્રી વૃન્દાવનવિહારી

હરિકૃષ્ણમહારાજ તથા શ્રી ઘનશ્યામમહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. અંતમાં મહાઆરતી કરવામાં આવી હતી. હજારો ભક્તોએ દર્શનનો અને મહાઆરતીનો લાભ લીધો હતો.

અભિષેક-૨ : ચૈત્ર વદ-૨ના શ્રી ઘનશ્યામમહારાજના અભિષેક નિમિત્તે અધિક ભાદરવા વદ-૨ તા.૨-૯-૨૦૧૨ રવિવારના શ્રી વૃન્દાવનવિહારી શ્રી હરિકૃષ્ણમહારાજ તથા શ્રી ઘનશ્યામમહારાજનો મહાઅભિષેક રાખવામાં આવ્યો હતો ત્યાર બાદ અન્નકૂટ ગોઠવી સંતોની સાથે યજમાન પરિવારે ઠાકોરજીની આરતી કરી હતી. યજમાનપદે ગામ ધાંગધ્રાના સાંખ્યયોગી ભગવતીબહેન તથા હસ્તે કાનબાઇ માંડવી રહ્યા હતા.

ઉત્સવો : અધિક ભાદરવા માસમાં વર્ષ દરમ્યાન થતા ઉત્સવો જેવા કે અન્નકૂટોત્સવ, વસંતપંચમી, દશેરા, જલઝીલણી, વામનજયંતિ, શરદપૂનમ વગેરે ઉત્સવો જે તે મહિનાની તિથીને અનુસારે માંડવી દાદાખાચરના દરબારમાં ઉજવવામાં આવ્યા હતા. તેમાં શરદ પૂનમના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સત્સંગ સભા અને રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

અહેવાલ : સ્વામી હૃદયપ્રકાશદાસજી

## સુખપર (રોહા) - વિવિધ ઉત્સવો

શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી દર વર્ષની જેમ હિંડોળા મહોત્સવ ઉમંગભેર ઉજવાયો. શ્રીહરિને વિવિધ પ્રકારના હિંડોળામાં ઝૂલાવી હરિભક્તોએ ધન્યતા અનુભવી. અધિક માસમાં રાત્રે વિશિષ્ટ ધૂનનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં ભક્તોએ લાભ લીધેલ. યુવકો વાજીંત્રો સહિત ધૂનમાં બહોળી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે મંડળના સંતો પણ પધારેલ તેઓ રાત્રે ભાગવત કથાનું સરળ શૈલીમાં રસપાન કરાવેલ. આ કથામાં કૃષ્ણ જન્મ, ગોવર્ધન મહોત્સવ જેવા એક પ્રસંગો રંગેચંગે ઉજવાયા. અધિક માસ નિમિત્તે સંતોના માર્ગદર્શનમાં અન્નકુટ મહોત્સવનું પણ આયોજન કરાયેલ, જેમાં દરેક ભક્તો પોતપોતાની ભાવના પ્રમાણે પોતાના ઘરેથી અન્નકુટ બનાવીને ભગવાનને ધરાવેલ અને મહાઆરતીનું પણ ખાસ આયોજન કરાયેલ. આ પ્રસંગ અતિશય આનંદથી ઉજવવામાં આવેલ. ખાસ કરીને બહેનોમાં આ પ્રસંગે ખૂબ જ ઉત્સાહ જોવા મળેલ.

અધિકમાસ ધૂન સમાપ્તિ નિમિત્તે બન્ને મંદિરોમાં સમૂહ આરતી કરવામાં આવેલ. સમગ્ર વર્ષ દરમિયાન ભક્તિસભર કાર્યક્રમના ફોટોગ્રાફ્સ ઇન્ટરનેટ પર મુકવામાં આવે છે જેથી વિદેશમાં વસતા ભક્તો પણ ગામમાં થતી વિવિધ પ્રવૃતિથી માહિતગાર થતા રહે છે.

આમ સમગ્ર વર્ષ દરમિયાન સતત સંતોની કૃપા દષ્ટિ અને માર્ગદર્શનમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો ઉજવાતા રહે છે.

અહેવાલ : કે.ડી.પિંડોરીયા

## અક્ષરવાસ

ગામ સુખપર (જુનાવાસ)નાં નિવાસી

કેસરબાઇ નાથા ગોરસીયા તા. ૨૦-૯-૨૦૧૨ના ઋષિ પંચમીના દિવસે શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં અક્ષરનિવાસી થયાં છે. શ્રીજી મહારાજ તેમને પોતાની સેવામાં અખંડ રાખી પોતાના ચરણકમળનું સુખ આપે તથા તેમના પરિવારજનોને દુઃખ સહન કરવાની શકિત આપે એવી પ્રાર્થના...

## થાણા પંચાહ્ન પારાયણ

પરમકૃપાળુ પૂર્ણપુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની અસીમ કૃપાથી તથા ભુજ મંદિરના પ.પૂ.સ.સ્વામી મહંત સ્વામી તથા બીજા વડિલ સંતોના શુભ-આશિર્વાદથી થાણા ''શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભુવન''માં પુરુષોત્તમ માસ નિમિતે તા.૨૭-૮-૨૦૧૨ થી તા.૦૨-૦૯-૨૦૧૨ સુધી પંચાહ્ન પારાયણનું આયોજન થયું. જેમાં ૮ થી ૯.૩૦ સુધી સા.યો.બહેનોએ સાત દિવસ સુધી સ્ત્રી ભક્તોને સત્સંગ કરાવ્યો. ૯.૩૦ થી ૧૦.૩૦ શાસ્ત્રી સ્વામી શ્રી વિવેકમુનિદાસજીએ સત્સંગીજીવન પ્રથમ પ્રકરણની કથાનું તથા ભુજની લીલાનું ખૂબ સરળ અને સચોટ શૈલીમાં બધા હરિભક્તો સમજી શકે તેવી સુંદર રીતે રસપાન કરાવ્યું. ૧૦.૩૦ થી ૧૧.૧૫ સુધી પ.પુ.સ.પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીએ ''પુરુષોત્તમ માસનું મહાત્મય''ની કથાનું સાત દિવસ સુધી પાન કરાવી ભક્તોને ખૂબ રાજી કર્યા. તથા સ.સ્વામી ભક્તિકિશોરદાસજીએ સુમધુર સ્વરે કીર્તન તથા ધૂનની રમઝટ જમાવી હરિભક્તોનો ઉત્સાહ વધાર્યો હતો.

કથા સાથે સાથે ઘનશ્યામ જન્મોત્સવ, અભિષેક, અન્નકુટ, રાસોત્સવ, કુડડોલોત્સવ વગેરે ઉત્સવો પણ ખૂબ આનંદથી ઉજવાયા. સાતે દિવસ અલગ-અલગ હરિભકતોએ કથા તથા મહાપ્રસાદના યજમાનપદે રહી મહારાજ તથા સંતોનો રાજીપો અને આશિર્વાદ મેળવ્યા. ખૂબ જ સારી સંખ્યામાં હરિભક્તોએ કથા શ્રવણ તથા મહાપ્રસાદનો લાભ લીધો. જય શ્રી સ્વામિનારાયણ.

અહેવાલ : નિતિન દામજી ખુથિયા - થાણા

## અધિકમાસની ઉજવણી - કોડકી

શ્રી પુરુષોત્તમ માસ એટલે આ અધિકમાસમાં હિંદુ ધર્મના વર્ષ દરમિયાન આવતા સર્વે ઉત્સવો ઉજવવામાં આવે છે. તેમાંય ખાસ કરીને સ્વામિનારાયણ સંપ્રદાયમાં તેનું વિશેષ મહત્ત્વ છે અને તેને ધ્યાનમાં રાખીને શ્રી સ્વામિનારાયણ મંદિર કોડકી તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કોડકી દ્વારા અધિક માસમાં યુવક મંડળની સભાના દિવસે ઉત્સવોની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કૃષ્ણ જન્માષ્ટમી, હિંડોળાઉત્સવ, નરનારાયણદેવ જયંતિ, વસંતપંચમી, રામનવમી તથા શ્રી ઘનશ્યામ જન્મોત્સવ જેવાં ઉત્સવોનું આયોજન કરી મટકી ફોડ, મહાઆરતી તેમજ રાસોત્સવની રમઝટ બોલાવવામાં આવી હતી. આ સર્વે ઉત્સવોમાં ગામના સર્વે હરિભક્તોએ હોંશભેર ભાગ લીધો હતો. તથા પ્રભાતફેરીનું આયોજન કરેલ હતું. જય શ્રી સ્વામિનારાયણ...

અહેવાલ : નારણ રવજી હાલાઇ - કોડકી, યુવક મંડળ

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર - જિલ્લા કક્ષાએ યોજાયેલ રમતોમાં સિદ્ધિ

સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને રમત-ગમત જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી ગાંધીનગર આયોજિત રમત-ગમત ક્ષેત્રે શાળાકીય અવનવી સ્પર્ધાઓ ભુજ તેમજ માધાપર મુકામે યોજાયેલ. જેમાં શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર - ભુજની વિદ્યાર્થિનીઓએ ભુજ મધ્યે વોલીબોલમાં જીલ્લા કક્ષાએ અન્ડર-૧૭ અને અન્ડર-૧૯માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ હતું. તેમજ ખો-ખોની સ્પર્ધામાં અન્ડર-૧૭ અને મહિલા વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું તેમજ માધાપર મુકામે યોજાયેલ હેન્ડબોલ સ્પર્ધામાં

અન્ડર-૧૯માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ હતું. તેમજ આધોઇ મુકામે યોજાયેલ યોગાસનમાં અન્ડર-૧૪, અન્ડર-૧૭, અન્ડર-૧૯માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ હતું. શાળાની વિદ્યાર્થિનીઓએ જિલ્લા કક્ષાએ સિધ્ધિ મેળવી તેથી હવે આ તમામ વિદ્યાર્થિનીઓ રાજ્ય કક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

વિદ્યાર્થિનીઓએ પ્રાપ્ત કરેલી આ સિધ્ધિઓને શાળા સંકુલના ટ્રસ્ટ મંડળના તમામ સભ્યોએ તેમજ સમસ્ત સ્ટાફ ગણે તેમજ આચાર્યાશ્રીએ બિરદાવી હતી અને ઉત્તરોતર જવલંત સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

-અહેવાલ, પ્રવિણ પિંડોરીયા

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર - સંકુલમાં યોજાયેલ પરિચય સંમેલન

તા.૭-૯-૧૨ શુક્રવારના રોજ શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડિકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, શ્રી નરનારાયણદેવ ગર્લ્સ એકેડમી તેમજ શ્રી સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટિટયૂટમાં સમગ્ર સંકુલ એકેડમીથી પરિચિત થાય તે માટે પરિચય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજનાં ટ્રસ્ટીશ્રી ખીમજીભાઇ હાલાઇ તેમજ શ્રી મુરજીભાઇ શિયાણી તેમજ શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરના પ્રમુખશ્રી વિશ્રામભાઇ દબાસીયા તેમજ ટ્રસ્ટીમંડળના સર્વે સભ્યો અને સમગ્ર સ્ટાફગણે હાજરી આપી કાર્યક્રમને પોતાની ઉપસ્થિતિ દ્વારા સફળ બનાવી હર્ષ અને ઉલ્લાસનું વાતાવરણ ઊભું કર્યુ હતું. કાર્યક્રમમાં સૌ પ્રથમ સર્વે મંચસ્થ મહાનુભાવોને આવકારી કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ કચ્છની ભાતીગળ સાંસ્કૃતિને ઉજાગર કરતા યુવા મહોત્સવમાં અને રમત-ગમત ક્ષેત્રની પ્રવૃતિમાં સિધ્ધિ મેળવેલ વિદ્યાર્થિનીઓને સમગ્ર સંકુલ તરફથી અભિનંદન તથા શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ત્યારબાદ સંકુલના તમામ શિક્ષકોએ પોતાનો પરિચય આપ્યો હતો. સંસ્થાના મંત્રીશ્રી પ્રવીણભાઇ પિંડોરીયાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી સંકુલના વટવૃક્ષ સમાન તમામ ટ્રસ્ટ મંડળના સભ્યોનો પરિચય કરાવ્યો હતો. ત્યારબાદ સંસ્થાના સહમંત્રી અને શિક્ષણ સલાહકાર ભરતભાઇ મહેતાએ દીકરીઓ શિક્ષણ સાથે સંસ્કાર લઇ વિવિધ પ્રવૃત્તિમાં સોનેરી સિધ્ધિ હાંસલ કરે તેવી શીખ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તેમજ આભાર દર્શન રીનાબેન જેઠીએ કર્યું હતું. તેમજ સાથે સાથે આ દિવસે ''વૃક્ષ ધરતીની શોભા'' એ સૂત્રને સાર્થક કરવા સંકુલના વિશાળ પટાંગણમાં સમગ્ર ટ્રસ્ટી મંડળ તેમજ શિક્ષિકાઓના વરદ્ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

-અહેવાલ, પ્રવિણ પિંડોરીયા

## અંજાર શ્રી સ્વામિનારાયણ મંદિર-અધિકમાસ-પુરુષોત્તમમાસની ભવ્યાતિભવ્ય ઉજવણી

અંજાર મંદિર મધ્યે અધિકમાસ-પુરુષોત્તમ માસ દરમ્યાન અધિકમાસની ઉજવણી સ્વરૂપે મંદિરમાં દરરોજ નવા-નવા ઉત્સવ ઉજવાયા... ઉત્સવના યજમાનશ્રીના હસ્તે સવારે મહંત સ્વામી હરિજીવનદાસજી તથા સંતમંડળ દ્વારા આરતી ઉતારવામાં આવતી સવારે પુરુષોત્તમ મહાત્મયની કથા સ્વામી શ્રી પ્રકાશદાસજીએ રસપાન કરાવી હરિભક્તોને ભાવ-વિભોર બનાવીને ધન્યતા પમાડી. કથાની પૂર્ણાહુતિ બાદ યજમાનનું સન્માન કરવામાં આવ્યું. તથા સાંજે ૫.૩૦ વાગ્યે મંદિરના ગોર મહારાજ યોગેશભાઇ શાસ્ત્રી દ્વારા શાસ્ત્રોક વિધિવિધાન પ્રમાણે યજમાન દ્વારા દરરોજ પ્રસંગોને અનુરૂપ પૂજન કરવામાં આવેલ.

અધિકમાસની ઉજવણીરૂપે આપણા

સંપ્રદાયમાં આવતાં ઉત્સવો-હિન્દુ સંસ્કૃતિના ઉત્સવપર્વો-રાષ્ટ્રીય પર્વ તથા વિશ્વૈક પર્વોની શાનદાર ઉજવણી કરવામાં આવી... વિશ્વપર્યાવરણ દિવસે વૃક્ષારોપણ નિમિત્તે હજારો વૃક્ષ-રોપાનું વિતરણ કરવામાં આવ્યું. જેમાં શહેરીજનો તથા ગ્રામ્ય વિસ્તારના હજારો હરિભક્તોએ લાભ લીધો.

વિશ્વ પ્રાણીદિવસ નીમિત્તે સવારે ગાયમાતાનું પૂજન તથા ગાય બચાવ-અભિયાન સ્વરૂપે ટ્રેક્ટર દ્વારા-શહેરીવિસ્તારમાં-રેલી કાઢવામાં આવી. જેમાં સંતો અને અનેક હરિભક્તો સાથે જોડાયા. અને સવારથી સાંજ સુધી ગૌમાતાના પંચગવ્ય દ્વારા ઉપચાર પધ્ધતિથી કુકમાના વૈદ્ય-રામકૃષ્ણ ટ્રસ્ટ કેન્દ્ર દ્વારા આર્યુવૈદિક દવાનું વિતરણ થયું સાંજે ૫.૩૦ વાગ્યે ગૌરક્ષા-ગાય બચાવ અને સમાજમાં આપણા જીવનમાં ગાયની ઉપયોગિતા તથા ગાય માતાની રક્ષા કાજે-તેનું જતન એ વિશે મંદિરના પટાંગણમાં વિશેષ સભા યોજવામાં આવી હતી. જેમાં માધાપરના મનોજભાઇ સોલંકી. તથા અંજારના ભાગવતાચાર્ય કથાકાર દિનેશભાઇ રાવલે પોતાની છટાદારશૈલીમાં તથા વેધક શબ્દોમાં ગાયરક્ષા અંગે પ્રવચન આપેલ.

વિશ્વ મહિલાદિનની ઉજવણી રૂપે વિશ્વની મહિલાઓ સતી સીતાજી થી કરીને બ્રહ્માંડની પરિક્રમા કરનાર અંતરિક્ષમાં યાન દ્વારા ઉડ્ડયન કરનાર મહિલા સુનીતા વિલીયમ્સ સહિતની મહિલાની યશોગાથા-ભક્તિમાર્ગે મીરાંબાઇ તથા આપણા સંપ્રદાયમાં થયેલ લાધીબાઇ-લાડુબા તથા ધનબાઇફઇની અનન્ય ભક્તિભાવે આગળ વધનાર અને સ્વામિનારાયણ સંપ્રદાયને જીવન ન્યોછાવર કરીને અનેક જીવોને કલ્યાણને માર્ગે વાળનારા સાંખ્યયોગી બહેનો તથા અંગ્રેજો સામે લડનાર વીરાંગના ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ અને માધાપર ગામની બહેનો કે જે યુધ્ધ સમયે આકાશી બોમ્બવર્ષાની પરવા કર્યા વિના ભુજ એરોડ્રામની વિમાનપટ્ટી-તૈયાર કરનારી વિરાંગના બહેનોને કેમ ભૂલાય...? એવી રીતે વિશ્વ મહિલાદિન નીમિત્તે સર્વે મહિલાઓને યાદ કરેલ. પ્રસંગોપાત તમામ દરેક ઉત્સવોની પર્વોની રૂપરેખા-જાણકારી-માહિતી-આપતા બેનરો લગાવીને હરિભક્તોને જાણકારી. આપતાં-બેનરો વિશેની માહિતી સ્વામી શ્રી લક્ષ્મણપ્રકાશદાસજીએ પૂરી પાડેલ.

વ્યસનમુક્તિ અભિયાન સંદર્ભે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવકો દ્વારા અંજાર શહેરના માર્ગે ટ્રેક્ટર ઉપર વ્યસનમુક્તિના પોસ્ટર્સ તથા વ્યસન કરવાથી શરીરની કેવી દુર્દશા થાય છે તેવા પોસ્ટર્સ લગાવીને રેલી કાઢેલ તથા ગુટકા રાક્ષસ કેવા બેહાલ કરે છે તેવા સુત્રો ઉચ્ચારીને લોકોને જાગૃત કરીને વ્યસન છોડાવેલા વ્યસન મુક્તિ અભિયાન રેલીમાં સંતો સાથે હરિભક્તો પણ જોડાયા હતા.

એવી રીતે પ્રજાસત્તાકદિનની પણ શાનદાર ઉજવણી કરવામાં આવી. જેમાં રાપર ગુરુકુળ દ્વારા નાટયકૃતિ રજુ કરવામાં આવી. સ્વાગત ગીત. દેશ ભાવના ઉજાગર કરતી-સંત્સગ પ્રત્યે રૂચિ તથા સંતો પ્રત્યે આદર જગાવતો નાટક અને જલીયાવાલા બાગ હત્યાકાંડ-ટી.વી. રાક્ષસ. વિ.રાપર ગુરુકુળના વિદ્યાર્થીઓએ રજુ કરીને ''વાહ... વાહ...''ની દાદ મેળવી ગયા. અને દેશને આઝાદ કરવામાં લોકોનો ફાળો યોગદાન આપતાં પ્રવચનો અપાયાં. જેમાં પિયુષભાઇ ત્રીપાઠી તથા કમલજાનીએ સરદાર વલ્લભભાઇ પટેલની લોખંડીતા અડગનિશ્ચયતાની વાતો કરી-ગુરુકુળ રાપરના વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય ગીત બાદ કાર્યક્રમનું સમાપન કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્વામી શ્રી લક્ષ્મણપ્રકાશદાસજીએ કર્યું. સહાયક તરીકે સુમનભાઇ પટેલ રહ્યાં.

સજીવખેતીનું નિર્દેશન-નાની નાગલપર વાળા

વાડી વિસ્તારના હરિભક્તો દ્વારા યોજવામાં આવેલ. શિવપૂજન-પરશુરામ જયંતિ-ગણેશપૂજન-ઘનશ્યામ મહારાજનો અભિષેક-માણકી ઘોડી પર વિરાજમાન થયેલ ભગવાન સ્વામિનારાયણનું અંજારમાં આગમન... તેની ભવ્ય શોભાયાત્રા-ગીતા પૂજન-જન્માષ્ટમી-હરિનોમ-વામન જયંતિ-નરસિંહ જયંતિ-જલયાત્રા જે પીપળેશ્વર મહાદેવથી બહેનો જલકુંભ ભરીને શોભાયાત્રા સ્વરૂપે આવીને મંદિરના ચોકમાં ઠાકોરજી પર અભિષેક કરેલ. ગોર મહારાજના મંત્રોચ્ચાર દ્વારા-નરનારાયણદેવ પૂજન-ઋષિ પૂજન-નીલકંઠવર્ણી પૂજન-ગાય પૂજન-સરસ્વતી પૂજન-શિક્ષાપત્રી પૂજન-વિશ્વ પર્યાવરણ દિવસ-ધનવંતરી પૂજન વખતે આરોગ્ય નિદાન કેમ્પ તથા આર્યુવૈદિક દવા વિતરણ કરવામાં આવ્યું-વિશ્વ વિજ્ઞાન દિવસ- જલજીલણી એકાદશી-વિશ્વમાં વિસ્તરેલું આપણું ભુજ મંદિર-શિવરાત્રી-તેમજ તા.૧૬-૯-૧૨ રવિવારે ઘનશ્યામ મહારાજ પાસે અન્નકુટના દર્શન સંધ્યા સમયે ઠાકોરજીપાસે બહેનો દ્વારા વિશાળ રંગોળી બનાવીને ઉત્સવને રંગબેરંગી બનાવી દીધો. આખા મંદિરના પરિસરમાં દીપમાલા પ્રજવલિત કરીને મંદિર, દીપથી ભવ્ય શોભાયમાન ઝળહળતાં દીપોથી મંદિરની શોભા થતાં હરિભક્તો આનંદિત થયેલ. દિવાળી મહોત્સવની યાદ અપાવી સાંજે મહાઆરતી કરી. મહંત સ્વામી શ્રીહરિજીવદદાસજી, સ્વામી મુકુંદજીવનદાસજી, સ્વામી હરિબળદાસજીના કરકમળો દ્વારા તથા સંતમંડળ સહિત-હરિભક્તો દ્વારા સંગીતમય મહાઆરતી કરીને ભવ્યાતિભવ્ય ઉત્સવોની ઉજવણી કરીને અધિકમાસ-પુરુષોત્તમ માસની પૂર્ણાહુતિ કરવામાં આવી. સાથે યજમાનશ્રીઓએ પણ, ખૂબ જ સારો લાભ લઇને સંતોના આશિર્વાદ મેળવીને ધન્યતા અનુભવી... સમગ્ર આયોજન કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી, સ્વામી પ્રભુવલ્લભદાસજીની દેખરેખ હેઠળ સમગ્ર પાર પાડેલ. જેમાં સ્વામી રામપ્રિયદાસજી, સ્વામી સુરતમુનિદાસજી, સ્વામી માધવચરણદાસજી તથા સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજીનો સુંદર સાથ સહકાર રહ્યો. દરેક ઉત્સવ દરમ્યાન કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અંજાર તથા નાની નાગલપરના યુવાન સભ્યોનો સાથ સહકાર રહ્યો.

- અહેવાલ : રમણીક સોલંકી

## નારાયણ સરોવરે પંચાહ્ન પારાયણ

તા.૨૮-૮-૧૨ થી ૧-૯-૧૨ સુધી પવિત્ર ચાર સરોવરમાં પશ્ચિમ કચ્છમાં આવેલું પવિત્ર નારાયણ સરોવરને કિનારે શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. માંડવી, ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરેથી સંતો પધાર્યા હતા. સૌ પ્રથમવાર ભુજ મંદિરના સંતો દ્વારા નારાયણ સરોવરે કથાનું વાંચન કરવામાં આવ્યું હતું. આયોજક માંડવી નાગલપુરના કાનજી લાલજી વરસાણી પરિવારે કર્યું હતું. વકતા શાસ્ત્રી સ્વામી સંતસ્વરૂપદાસજી તથા શાસ્ત્રી સ્વામી નિર્ભયચરણદાસજી રહ્યા હતા. સભાસંચાલન શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ કર્યું હતું. કથા દરમ્યાન પાંચે દિવસ યજમાન પરિવાર તથા અન્ય હરિભક્તો તરફથી ગાયોને ઘાસચારો આપવામાં આવ્યો હતો. નારાયણ સરોવર પુરાણ પ્રસિધ્ધ પવિત્ર સરોવર છે. ભારતભરમાંથી કોઇ પણ ત્યાગી જીવનમાં એકવાર આ સરોવરની યાત્રા અવશ્ય કરે છે. કચ્છમાં યાત્રા માટે આવનાર તેમજ ફરવા આવનાર પ્રવાસીઓ પણ આ સરોવરનાં દર્શને જાય છે. સરોવરમાં સ્નાન કરી ધન્યતા અનુભવે છે - ક્રિયાકાંડ જાણનાર બ્રાહ્મણો પાસે શ્રાધ્ધ, પિંડદાન વિધિ કરવામાં આવે છે. જે પિતૃઓને મોક્ષદાયક ગણાય છે. શ્રીજી મહારાજે આ સરોવરે પધારી વિશેષ પવિત્ર કરેલ છે.

અહેવાલ : નારણ કાનજી - નાગલપર

## ખેલ કૂદ સ્પર્ધાની સિધ્ધિ સ્વામિનારાયણ ગુરૂકુળ ગાંધીધામ



યુવા સાંસ્કૃતિક અને રમત-ગમત કચેરી ગાંધીનગર તથા જિલ્લા ગમત-ગમત કચેરી દ્વારા આયોજિત અંડર ૧૪ ફૂટબોલ શાળાકીય સ્પર્ધાનું આયોજન સેન્ઝેવિયસ આદિપુરમાં કરવામાં આવ્યું હતુ. આ સ્પર્ધામાં કચ્છની વિવિધ શાળાઓમાંથી ૧૬ શાળાઓએ ભાગ લીધો હતો. ગુરુકુળની ટીમે એક પછી એક રાઉન્ડ જીતીને ફાઇનલમાં આત્મિય વિદ્યાપીઠ શાળા ગાંધીધામની સામે ફૂટબોલમાં ૨-૦ થી હરાવીને ગુરુકુળની ટીમનો ભવ્ય વિજય થયો હતો આ સાથે આ ટીમ ચેમ્પિયન જાહેર થઇ હતી.

વિજેતાઓમાં કેપ્ટન ભુડીયા હિરેન, પટેલ દર્શન, ઢીલા પ્રવિણ, ઢીલા લાલજી, હાલાઇ હેમંત, કેરાઇ દિપેશ, ખેતાણી નિલેશ, ગોરસીયા રસિક, આહિર રમેશ, મુલચંદાની પ્રેમ, વેકરીયા ધનસુખનો સમાવેશ થાય છે.

**અંડર ૧૭ ફૂટબોલ પણ ગુરુકુળની ટીમ મેદાન મારતાં આનંદ છવાયો.**

અત્ર ઉલ્લેખનીય છે કે તા. ૧૪ ના રોજ યોજાયેલ અંડર ૧૭ ફૂટબોલની સ્પર્ધામાં ગુરુકુળની ટીમ ચેમ્પિયન થઇ હતી.

**હેન્ડબોલમાં સ્પર્ધામાં સ્વામિનારાયણ ગુરુકુળ ચેમ્પિયન**

કચ્છ શાળાકીય સ્પર્ધાનું આયોજન શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ ગાંધીધામમાં કરવામાં આવ્યું હતુ. અંડર ૧૯ની આ સ્પર્ધામાં કચ્છની વિવિધ શાળાઓમાંથી ૧૨ શાળાઓએ ભાગ લીધો હતો. ગુરુકુળની ટીમ ફાઇનલમાં આર. ડી.વરસાણી શાળા ભુજની સામે ૨૦ - ૩ થી ગુરુકુળની ટીમનો ભવ્ય વિજય થયો હતો આ સાથે આ ટીમ ચેમ્પિયન જાહેર થઇ હતી.

**અંડર ૧૭ ફૂટબોલમાં પણ ગુરુકુળની ટીમ મેદાન મારતાં આનંદ છવાયો.**

તેમજ અંડર ૧૪માં વાઇટ હાઉસ સ્કૂલ ભુજની સામે ૭ -૧થી ફાઇનલમાં હરાવીને જિલ્લા વિજેતા જાહેર થઇ હતી.

અંડર ૧૯માં વિજેતાઓમાં કેપ્ટન સુમીત ગોગારી, હિરાણી અશ્વિન, વરસાણી પ્રકાશ, આહિર યોગેશ, વેકરીયા રાજન, પટેલ પુનીત, હિરાણી અક્ષયનો સમાવેશ થાય છે.

અંડર ૧૪માં વિજેતાઓમાં કેપ્ટન હિરાણી જીજ્ઞેશ, ખેતાણી એનિલ, પિંડોરીયા પ્રિશ, વરસાણી વિશાલ, જેસાણી સંકેત, ગોરસીયા સચીન, રાઘવાણી નારણ તેમજ પટેલ રોહન નો સમાવેશ થાય છે.

**થ્રો- બોલની સ્પર્ધામાં સ્વામિનારાયણ ગુરુકુળ ચેમ્પિયન**

કચ્છ જીલ્લા શાળાકીય સ્પર્ધાનું આયોજન શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ ગાંધીધામમાં કરવામાં આવ્યું હતુ. અંડર ૧૪ની આ સ્પર્ધામાં કચ્છની વિવિધ શાળાઓમાંથી ૧૨ શાળાઓએ ભાગ લીધો હતો. ગુરુકુળની ટીમે એક પછી એક રાઉન્ડ જીતીને ફાઇનલમાં ડી.એ.વી મુદ્રાની શાળાની સામે ૨ - ૦ થી ગુરુકુળની ટીમનો ભવ્ય વિજય થયો હતો આ સાથે આ ટીમ ચેમ્પિયન જાહેર થઇ હતી.

તેમજ અંડર ૧૭માં ડી.એ.વી. મુદ્રાની સામે ૨ - ૦ થી ફાઇનલમાં હરાવીને જિલ્લા વિજેતા જાહેર થઇ હતી.

અંડર ૧૪ માં વિજેતાઓમાં કેપ્ટન નિખિલ હીરાણી, હાલઇ હેમંત, વેકરીયા ધનસુખ, વેકરીયા

હિતેશ, ખેતાણી અનિલ, ભગત સૌરભ, ગોરસીયા રસીક, ઢીલા લાલજીનો સમાવેશ થાય છે.

અંડર ૧૭ માં વિજેતાઓમાં કેપ્ટન શિયાણી ખુશ, પિંડોરીયા અક્ષય, વેકરીયા મયુર, જાડેજા વિરેદ્ર, ભંડેરી ભુપેન્દ્ર, કેરીઇ દિપેશ, બાભડીયા લાલજી, ઓજા ભાવેશ, ભવાણી ધવલનો સમાવેશ થાય છે.

આવી ઉત્તમ સિદ્ધિ બદલ ગુરુકુલના પ્રમુખ સ્વામી મુક્તવલ્લભ દાસજી ડો. સ્વામી સત્યપ્રસાદ દાસજી ટ્રષ્ટીશ્રી કિરણભાઇ આહિર, કૌશિક ભાઇ પીનારા, હિંમતભાઇ રાદડીયા, શ્રીનારણભાઇ સાંખલા, શ્રીવેલજીભાઇ કેરાઇ, શ્રીકલ્યાણ ભાઇ હિરાણી તથા શાળાના આચાર્યશ્રી સાજીમોન તેમજ ટીમના કોચ શ્રી મહેન્દ્રભાઇએ અભિનંદન પાઠવ્યા હતા.

**શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું**

આંહિ આવેલ શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય - ગુરુકુળ ગાંધીધામની ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું તાલુકા કક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડાયટ અને જિલ્લાશિક્ષણાધિકારી કચેરી ભુજ સંયુક્ત ઉપક્રમે શ્રીસ્વામિનારાયણ ગુરુકુળમાં વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

આ પ્રદર્શનમાં ગાંધીધામ, આદીપુર, અંજાર તેમજ ગ્રાન્ય મળીને ૬૨ શાળાઓએ ભાગ લીધો હતો જેમાં ૮૦ થી વધું ગણિત વિજ્ઞાનની કૃતિઓ મુકવામાં આવી હતી.

પ્રદર્શનનું ઉદ્‌ઘાટન સવારે ૯ કલાકે ગુરુકુળના પ્રમુખ સ્વામી મુક્તવલ્લભ દાસજી, શ્રી એમ. એન. પટેલ (ડી.ઈ.ઓ) શ્રી મધુકાન્તભાઇ શાહ (ચેરમેન જી.ડી.ઓ.) શ્રીએમ. આર. પટેલ (ડારેક્ટર ઇફકો)ના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવેલ.

આ પ્રસંગે ગુરુકુળના ટ્રસ્ટી શ્રી કૌશિકભાઇ પીનારા, શ્રી કિરણ ભાઇ આહિર, શ્રી હિમતભાઇ રાદડીયા તથા શ્રીનારણ ભાઇ સાંખલા, શ્રીવેલજીભાઇ કેરાઇ, શ્રીકલ્યાણભાઇ હિરાણી ઉપસ્થિત રહ્યા હતા.

આ સંદર્ભે સ્વામી મુક્તવલ્લભ દાસજીએ આવેલ સૌ શાળાના વિદ્યાર્થીઓને આશિર્વાદ આપ્યા હતા. તેમજ પછી ડો. સ્વામી સત્યપ્રસાદ દાસજીએ ઉદ્‌બોધન દ્વારા સૌને પ્રોત્સાહિત કર્યા હતા. ત્યાર પછી મુખ્ય અતીથી વિશેષ એમ. આર. પટેલે પોતાના વક્તવ્યમાં વિજ્ઞાન વિષે માહિતગાર કર્યા હતા. ત્યારબાદ આવેલા તમામ અતીથી વિશેષના હસ્તે પ્રદર્શનના ૨૦ ખંડોને ખુલ્લા મુખવામાં આવ્યા હતા. આ સાથે અનેક શાળાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓની હારમાળા જોવા મળી હતી. ગણિત - વિજ્ઞાન મેળામાં ૮૦ થી વધારે વિવિધ પ્રકારની મુકાયેલી કૃતિઓ નિહાળી વિદ્યાર્થીઓ ગણિત - વિજ્ઞાનને નજીકથી જાણ્યું અને માણ્યું હતું. આ પ્રદર્શનીમાં ૪૨૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઆ સાથે વાલીઓ પણ આ પ્રદર્શન જોવા માટે ઉમટી પડ્યાં હતાં.

આ ગણિત -વિજ્ઞાનના નિર્ણાયક કરીતે આદીપુર સાયસ એન્ડ ટેકનોલઓજીના પ્રાધ્યાપકોમાં શ્રીરાજેશભાઇ ઠક્કર, નિરજ પાંડ્યાએ સેવા આપી હતી

કાર્યક્રમના અન્તે આ પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ શાળાઓના વિદ્યાર્થીઓઓને સર્ટીફિકેટ તથા શાળાને મોમેન્ટો સંતો તેમજ અધિકારીઓ દ્વારા આપવામાં આવ્યા હતા. આ સમગ્ર આયોજન શ્રીસ્વામિનારાયણ વિદ્યાલયના આચાર્ય શ્રી સાજીમોનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

**ગુરુકુળના વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાએ રમવા પહોંચ્યા.**

**કચ્છજીલ્લા ચેમ્પિયન થયેલા ગુરુકુળના વિદ્યાર્થીઓ ફૂટબોલ. હેન્ડબોલ, થ્રો બોલ તેમજ બાસ્કેટ બોલમાં ગુજરાત રાજ્યના વિવિધ શહેરોમાં યોજાયેલ રાજ્ય કક્ષાની ટુર્નામેન્ટમાં કચ્છનું પ્રતિનિધિત્વ કરતી ટીમમાં આ વર્ષે અત્યાર સુધીમાં વિવિધ રમતોમાં ગાંધીધામ ગુરુકુળના કુલ ૨૯ વિદ્યાર્થીઓ રમવા ગયા હતા.**

અહેવાલ સ્વામી સત્યપ્રસાદ દાસજી

# વિદેશ સમાચાર



## શ્રી કચ્છ સતસંગ સ્વામિનારાયણ મંદિર - પાટોત્સવ ઉજવણી બોલ્ટન

શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તા.૩-૯-૧૨ થી તા.૯-૯-૧૨ સુધી, શ્રીમદ્ સત્સંગીજીવન સપ્તાહ પારાયણ સાથે આપણા બોલ્ટન મંદિરનો ૩૯માં પાટોત્સવ ખૂબ જ ધામધુમથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગે પારાયણના યજમાન ગામ દહિંસરાના નારાણભાઇ રામજી પાંચાણી ધર્મપત્ની રતનબાઇ, પુત્ર સંજય, પુત્રી નિયારીકા આદિ સહકુટુંબ પરિવારે સૌથી ઊંચો આંક આપી કરીને લાભ લીધેલ હતો. તેમજ ઠાકોરજીના મહાઅભિષેક, તેમજ ધ્વજ રોપણના યજમાનપદે તેમજ પૂર્ણાહુતિના દિવસે મહાપ્રસાદરૂપી ભોજનના યજમાનપદે ગામ ફોટડીના હાલે મોમ્બાસાના રહેવાસી અ.નિ.પ.ભ. શ્રી કાનજીભાઇ પ્રેમજી ભુડીયા તથા કેસુભાઇ પ્રેમજી ભુડીયા, સહકુટુંબ પરિવારે સૌથી ઊંચો આંક આપી કરીને યજમાનપદે રહ્યા હતા, તેમજ શનિવારે સાંજે ભોજનરૂપી પ્રસાદના યજમાન ગામ બળદીયાના વાલજીભાઇ દેવરાજ રાઘવાણી સહકુટુંબ રહ્યા હતા. આ શુભ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજથી પધારેલા પૂજ્ય વિદ્વાન સંતો વ્યાસઆસને બિરાજી તેઓ પોતાની શૈલીભાષામાં, પૂજ્ય પુ.સ્વામી ભકિતવિહારીદાસજી તેમજ પુ.સ્વામી કૃષ્ણવલ્લભદાસજી આ બન્ને વકતાશ્રીઓ કથા સંભળાવી હરિભક્તોને ખૂબજ રાજી કરેલ તેમજ સંગીતકાર સ્વામી શ્રીજીનંદનદાસજીએ કીર્તનો સંભળાવીને રાજી કરેલ તેમજ પુ.સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, પુ.શાંતિપ્રિયદાસજી, સ્વામી અદ્‌ભુતચરણદાસજી આ સંતોએ દરરોજ આશીર્વાદ આપી કરીને હરિભક્તોને રાજી કરેલ, આ પાટોત્સવ પ્રસંગે ગુરૂવાર તા.૬-૯-૧૨ના શુભ દિવસે ઠાકરથાળી ઉત્સવ તેમજ રાસઉત્સવ પણ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ, તેમજ સૌ બહેનો સાથે મળી કરીને, તેમજ યુવતી મંડળના બહેનો તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમ શુકવાર તા.૭-૯-૧૨ના દીવસે રાત્રે રાખવામાં આવેલ, તેમજ શનિવાર તા.૮-૯-૧૨ના રાત્રે આપણા બોલ્ટન મંદિરના બાલમંડળના નાના બાળકો તેમજ પૂજ્ય સ્વામી શ્રીજીનંદનદાસજી આદિ હરિભક્તોએ સાથે મળીને કીર્તન, ભજનો સંભળાવી સૌને રાજી કરીને મંદિરની શોભા વધારેલ હતી. પૂર્ણાહુતિના દિવસે સંતોએ આશીર્વાદ આપીને ખૂબ જ રાજી કરેલ, છેલ્લે પ્રમુખશ્રી તરફથી સંતોનો તેમજ હરિભક્તોનો આ પ્રસંગે ખૂબજ આભાર માનવામાં આવેલ ત્યાર બાદ સૌ હરિભક્તોએ સાથે મળીને ભોજનરૂપી પ્રસાદ લીધેલ.

અહેવાલ : મંદિરના પ્રમુખ, મનજીભાઇ ગાંગજી હાલાઇ

## સત્સંગ શિબીર - બ્રિસ્ટોલ

શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફ તથા બોલ્ટન, ઓલ્ડહામ, સ્ટાનમોર અને ઇસ્ટ લંડન મંદિરોના સાથ સહકારથી યોજાયેલ શિબીરનો અહેવાલ

તા.૨૪ ઓગષ્ટથી તા.૨૭ ઓગષ્ટ-૨૦૧૨ દરમ્યાન બ્રિસ્ટોલમાં સૌના સાથ સહકારથી સંપ્રદાયની પ્રણાલિકા મુજબ શિબીરનું ભવ્ય આયોજન થયું જેમાં નાની વયના બાળકોથી માંડી મોટી વયના લગભગ ૨૫૦ થી ૩૦૦ શિબીરાર્થીઓએ ભાગ લીધેલ.

નવી પેઢીમાં સંપ્રદાયના સંસ્કારો જળવાય અને સંપ્રદાયની રીતની સાચી જાણ થાય તથા પરદેશના ખોટા આચાર વ્યવહારોથી તેઓનું જીવન બચાવી શકાય એ આ શિબીરનો મુખ્ય ઉદેશ હતો.

તા.૨૫ની વહેલી સવારે સ્નાન વિધી, પૂજાપાઠ બાદ યોગા. ત્યાર ભુજ મંદિરથી પધારેલ સંતો દ્વારા દીપ પ્રાગટય કરી શિબીરની શરૂઆત કરવામાં આવી.

કાર્ડિફ મંદિરના યુવાનો દ્વારા ધર્મ વિષય પર અને બોલ્ટન મંદિરના યુવાનો દ્વારા અર્થ વિષય પર ચર્ચા થઇ.

ત્યાર બાદ શિબીરનો હેતુ અને ધર્મોપદેશ સંતોના મુખે સાંભળવાનો સૌએ લાભ લીધો.

તેજ રાત્રિના ભવ્ય રાસોત્સવ ઉજવવામાં આવ્યો.

રવિવારે મોક્ષ વિષય પર સ્ટાનમોર મંદિરના યુવાનોએ સરસ માર્ગદર્શન આપ્યું. તે પછી માત્ર બહેનો માટેની સભા યોજવામાં આવી જેમાં સંપ્રદાયના રીત-રીવાજો અને ધર્માચરણ અંગે ચર્ચા કરવામાં આવી.

બપોરે સંતોના ધર્મોપદેશ અને સૌના આનંદ માટે આઇસ સ્કેટીંગનું આયોજન કરવામાં આવ્યું જેમાં નાના મોટા સૌ પેટભરી મજામાણી. સુકામેવાના થાળ બાદ સૌ ફલાહાર માટે પધાર્યા.

રાત્રે યુવાન ભાઇઓએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ વિષયને લઇ નાની નાની નાટિકાઓની રજુઆત કરી.

દરેક મંદિરોના સાથથી ભવ્ય શિબીર યોજવામાં આવી એમાં આપેલ સહકાર બદલ સૌનો આભાર અને શુભેચ્છા રૂપે પ્રતિક ભેટ આપવામાં આવી.

આ શિબીર દરમ્યાન સંપ્રદાયની પ્રણાલિકા મુજબ આરતિ, થાળ, પાંચ માનસી પુજા તથા નિત્ય નિયમ, ચેષ્ટા અને વંદુના પદો વગેરે કરવામાં આવતાં. રોજ ત્રણ વખત ભોજન કાર્ડિફ મંદિરથી બનાવી પહોંચાડવામાં આવતું જેમાં વડીલ ભાઇઓ અને બહેનોએ ખૂબ જ સાથ આપ્યો હતો. આ આખા કાર્યક્રમના આયોજનમાં કાર્ડિફના નાના-મોટા ભાઇઓ અને બહેનોએ ખૂબ જ મહેનત કરી સાથ આપ્યો હતો.

## શ્રી સ્વામિનારાયણ મંદિર, પર્થ

શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ-ઓસ્ટ્રેલિયાની સાતમી વાર્ષિક જાહેર સભા રવિવાર તા.૧૬-૦૯-૨૦૧૨ના રોજ યોજવામાં આવેલ. મંત્રીશ્રીએ સર્વ સત્સંગી હરિભક્તોને આવકાર્યા બાદ, ગત વાર્ષિક સભાની નોંધનું વાંચન કરવામાં આવેલ.

ત્યારબાદ મંત્રીશ્રીએ વાર્ષિક અહેવાલનું વાંચન કાર્યબાદ, ખજાનચીશ્રીએ ગત વર્ષનો આવક-જાવકનો હિસાબ તથા સરવૈયું વાંચી સંભળાવેલ જે સર્વાનુમતે પાસ કરવામાં આવેલ.

ત્યાર બાદ છેલ્લે અધ્યક્ષશ્રીએ વર્ષ દરમ્યાન મંદિર વિષેની જે જે પ્રગતિ થયેલ તથા ખાતમુહૂર્ત, ફંડ રેઇઝીંગ કાર્યવાહી તથા બાંધકામ વિશે જે જે કાર્યવાહી સૌ હરિભક્તોના સહિયારા પ્રયાસથી થયેલ તે વિષેની વિસ્તૃત ખ્યાલ સભાને આપેલ. ત્યાર બાદ તેઓએ જણાવેલ કે તેમના સમયગાળા દરમ્યાન જે કોઇ ભાવિક ભાઇઓ તથા બહેનો મંદિરના કાર્યમાં મદદરૂપ થયેલ તેઓ સર્વેનો આભાર વ્યક્ત કરેલ. છેલ્લે તેઓના આ સ્થાન ઉપર ટ્રસ્ટી મંડળ, કાર્યકરો તથા સર્વે હરિભક્તોનો સાથ સહકાર મળેલ તે બદલ અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરેલ.

ત્યાર બાદ ચાલુ કાર્યવાહક સમિતિને બરખાસ્ત કર્યા બાદ ચુંટણી અધિકારીની નિયુક્ત કરવામાં આવેલ. અંતમાં નીચે જણાવેલ મુજબ વર્ષ ૨૦૧૨/૧૩ માટે કાર્યવાહક સમિતિના હોદેદારો અને સભ્યોની ચુંટણી કરવામાં આવેલ.

અધ્યક્ષશ્રી-શ્રી રવજીભાઇ ગાંગજી હાલાઇ, કુંદનપુર-ઉપાધ્યક્ષશ્રી, શ્રી જયેન્દ્રભાઇ હરિકૃષ્ણ સોની, દેત્રોજ- મંત્રી- શ્રી મનજીભાઇ શીવજી ભંડેરી, વેકરા-સહમંત્રી-શ્રી નીતિનભાઇ ધનજી હાલાઇ, મેઘપર-ખજાનચી-શ્રી હરેશભાઇ લાલજી કેરાઇ, ગોળપર-સહખજાનચી-શ્રી સંજયભાઇ ગોવિંદ ભુડિયા, માધાપર-હિસાબ સોકસી-શ્રી જગદીશભાઇ રામજી ભુડિયા, માનકુવા-સભ્યશ્રી-શ્રી પ્રિતેશભાઇ માવજી હિરાણી, માનકુવા-શ્રી પ્રકાશભાઇ કાનજી વરસાણી, સામત્રા, શ્રી પ્રવીણભાઇ ખીમજી રાબડિયા, માંડવી, શ્રી સુભાષભાઇ બાબુભાઇ કાથીરિયા, અમરેલી

ટ્રસ્ટી મંડળને પાંચ વર્ષની મુદત હોવાથી વર્ષ ૨૦૧૨/૨૦૧૩ માટેના સભ્યોની નીચે જણાવેલ મુજબ ટ્રસ્ટી મંડળના સભ્યો હોદાનારૂવે ચાલુ સાલે પણ રહેલ છે.

ટ્રસ્ટી મંડળ- શ્રી ધનજીભાઇ નાનજી હાલાઇ, મેઘપર, શ્રી ધનજીભાઇ લાલજી પિંડોરીયા, માધાપર, શ્રી હરજીભાઇ લાલજી ભુડિયા, માનકુવા, શ્રી નરેશભાઇ પરબત હાલાઇ, દહિંસરા, શ્રી સામજીભાઇ ધનજી હસીંયાણી, કેરા

આ પ્રમાણે ટ્રસ્ટી મંડળની અને કાર્યવાહક સમિતિના હોદેદારો અને સભ્યોની વર્ષ ૨૦૧૨/૨૦૧૩ માટેની વરણી બહુમતે કરવામાં આવેલ.

અહેવાલ : મનજીભાઇ શીવજી ભંડેરી

## ઓલ્ડહામમાં સપ્તાહ પારાયણ

ઓલ્ડહામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક માસની દરમ્યાન તા.૧૦-૦૯-૨૦૧૨ થી તા.૧૬-૦૯-૨૦૧૨ સુધી ઓલ્ડહામના સમસ્ત બહેનોના યજમાન પદે સ.ગુ.વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામી રચિત નિષ્કુળાનંદ કાવ્ય અંતર્ગત શ્રી કલ્યાણ નિર્ણયની સંગીતના સથવારે સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન થયું હતું. આ કથાના વકતાપદે શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ સુમધુરવાણીથી બોધદાયક દૃષ્ટાંતો આપીને સમસ્ત શ્રોતાજનોના અંતર જીતી લીધાં હતાં અને કથામાં સંગીતકાર શ્રીજીનંદનદાસજી સ્વામીએ આહલાદ જનક સુમધુર સ્વર આપી હરિભક્તોને આનંદ સાગરમાં નિમગ્ન કર્યા હતાં.

ગુરુવાર તા.૧૩-૦૯-૨૦૧૨ના સાંજે યુ.કે. શ્રી નરનારાયણદેવ યુવતી મંડળની બહેનોએ સભામાં સાચો સત્સંગ કોને કહેવાય એનું આબેહુબ વર્ણન સાથે વિસ્તૃત સ્પષ્ટતા કરી હતી.

શુક્રવાર તા.૧૪-૦૯-૨૦૧૨ના સાંજે ભકિતસંગીતનું સુંદર આયોજન થયું હતું જેમાં સ્વામી શ્રીજીનંદનદાસજી તેમજ અન્ય યુવક મંડળના યુવકોએ નંદ સંતો રચિત કીર્તનો ગાઇને તમામ સંતો ભક્તોને મક્તિરસમાં તરબોળ કરી દીધા હતા.

શનિવાર તા.૧૫-૦૯-૨૦૧૨ના સવારે ૭.૦૦ વાગ્યાથી ૯.૦૦ વાગ્યા સુધી મહાપૂજામાં ઘણા હરિભક્તો તેમજ સત્સંગી બહેનોએ ભાગ લીધો હતો જેમાં સ.ગુ.પુ.સ્વામી શાન્તિપ્રિયદાસજીએ મહાપુજાનો મહિમા સમજાવીને ભક્તોને રાજી કર્યા હતા અને તેજ દિવસે રાત્રીએ ઠાકરથાળીનું આયોજન રાખેલ જેમાં સંતો ભક્તો સુમધુર સંગીતના સથવારે કીર્તનો બોલી હરિભક્તોને રાસે રમાડયાં હતા અને છેલ્લે કથાની પૂર્ણાહુતિને દિવસે પુ.સ્વામી શાન્તિપ્રિયદાસજીએ પોતાની સુમધુર વાણીથી કલ્યાણની સાચી વાત ભક્તોને સમજાવતા કહ્યું કે ભક્તો સાચુ કલ્યાણતો પ્રગટ ભગવાનથી અને તેમની બાંધેલી ધર્મ મર્યાદા તેમજ ભગવાનની આજ્ઞાનું જે યર્થાથ પાલન કરનાર સંત છે તેના થકી જ કલ્યાણ છે બીજા બધા સ્વાર્થના સગા છે માટે આવો ભગવાને ચિંતામણી સમાન આપણને માનવદેહ આપ્યો છે તે ખોટાના સંગે કરીને વ્યર્થ ન થઇ જાય અને આપણું કલ્યાણ ન બગડે એનું અનુસંધાન રાખવાનો મધુર ઉપદેશ આપી ભક્તોને રાજી કર્યા હતા ત્યાર પછી કથાની પૂર્ણાહુતિની આરતી કરી તમામ સત્સંગી બહેનો ભક્તો મંદિરમાં જ ઠાકોરજીનો ભોજનરૂપી પ્રસાદ સ્વીકારીને છુટા પડયા હતાં.

અહેવાલ : મંત્રી, હરિશભાઇ વેકરીયા

## સત્સંગ શિબિર - કેન્ટન હેરો

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો મંદિર દ્વારા યુવાનો - બાળકો અને યુવતી બાલિકાઓ માટે ૮ દિવસની એક સત્સંગ શિબિર યોજવામાં આવી હતી.


આ શિબિરમાં ૪ દિવસ બાળકો-યુવાનો અને ૪ દિવસ બાલિકાઓ-યુવતીઓ સાથે મળી સત્સંગ કર્યો હતો અને આ શિબિરનો મુખ્ય વિષય 'સત્સંગનો મુખ્ય પાયો શું ?' આ વિષય ઉપર ચર્ચા કરવામાં આવી હતી. ૧૦૦થી વધુ યુવાનો અને યુવતીઓએ ભાગ લીધો હતો અને ભુજથી પધારેલા યુવક મંડળના સંતો ૨ દિવસ રોકાયા હતા.

-અહેવાલ, દીપેશ કેરાઈ.

## સત્સંગ શિબિર - વિલ્સડન લેન લંડન

શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન લેન લંડન દર વરસની જેમ આ વરસે પણ ૭ દિવસની શિબિર રાખવામાં આવી હતી. જેમાં ૨૦૦થી પણ વધારે બાળકો-યુવાનો અને બાલિકાઓ અને યુવતીઓએ ભાગ લીધો હતો. આ શિબિરનો મુખ્ય વિષય 'સત્સંગના ૪ અંગ' રાખવામાં આવ્યો હતો. મૂર્તિ, શાસ્ત્ર, આચાર્ય અને સંત, આ શિબિરમાં આવેલા શિબિરાર્થીઓને સત્સંગની સાથે જીવનના વિકાસમાં ઉપયોગી રમત ગમત પણ રાખવામાં આવેલ હતી. ૭ દિવસની શિબિરમાં ખાસ ભુજ મંદિરના સંતો યુવાનોને આશીર્વાદ આપવા માટે આવ્યા હતા અને સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદી ૬ સંતો તેમજ યુવક મંડળના પુ. સ્વામી પરમહંસદાસજી આદિ ૪ સંતો ૩ દિવસ યુવાનો સાથે રોકાયા હતા અને સત્સંગનો લાભ આપ્યો હતો.

- અહેવાલ, પરબત હીરાણી



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી

## પરોપકારી બાળક

બાલમિત્રો! જય શ્રીસ્વામિનારાયણ આજે આપણે એક પરોપકારી બાળકની વાર્તા વાંચશું.

એક હતા શેઠ. તેમને ફરવાનો ભારે શોખ. ઘણીય વખત તેઓ ઘોડાગાડી લઇ એકલા દૂર દૂર ફરવા જાય. ફરતા ફરતા એક દિવસ તેઓ ખૂબ દૂર નીકળી ગયા. બપોર થયા હતા. ઘોડા પણ બહુ થાકી ગયા હતા. તરસને કારણે તેઓ આગળ ચાલી શકતા ન હતા. શેઠતો બીચારા માંડ માંડ ગાડી ધીરે ધીરે હાકતાં એક ગામ નજીક આવ્યાને પાણીની શોધ કરવા લાગ્યા. એટલામાં એમણે થોડેક દૂર એક નાનકડી ઝુપડી જોઇને એમને ગાડી એ તરફ હાંકી.

આ તરફ ઝૂપડીની બહાર દશ બાર વાર્ષનો એક બાળક બેઠો બેઠો રમતો હતો. ત્યાં એની નજર દૂરથી આવતા થાકેલા અને તરસ્યા ઘોડા તથા શેઠ ઉપર પડી. એ તરત જ ઊભો થઇ અંદર ઝુપડીમાં ગયો. અને પાણી ભરેલી એક ડોલ લઇ બહાર આવી જલદી જલદી સડક પર જઇ પહોંચ્યો.

શેઠે એ જોયું ને ખૂબ રાજી થયા. ગાડી થોભાવી નીચે ઊતરીને પેલા છોકરાની પાસે બોલાવી પૂછ્યું:

'છોકરા ! તારે શું જોઇએ છે?'

'મારે તો કશુંય જોઇતું નથી, શેઠ ! હું તો તમારા ઘોડાને પાણી પાવા આવ્યો છું. એટલું કહી છોકરાએ પાણીની ડોલ ઘોડા પાસે મૂકી. ઘોડો પાણી પી જરા ટટ્ટાર થયો. શેઠે પોતાના પાકીટમાંથી ચાંદીના સિક્કા કાઢી છોકરાને આપવા માંડયા. બાળકનું દિલ દુખાયું: 'શેઠ મહાશય ! હું પૈસા માટે પાણી નહોતો લાવ્યો. હું તો એક ગરીબ અપંગ બાળક છું. તેથી કંઇ કામ કરી શકતો નથી. મારી મા ખેતરમાં કામ કરે છે એથી અમારા બન્નેનું ગુજરાન ચાલે છે. શેઠજી, મારી માએ મને એટલું તો શીખવ્યું છે કે ભગવાને તને જયારે આ સ્થિતિમાં જન્મ આપ્યો છે, ત્યારે એથી પણ તારે હાથે કંઇક ભલું કામ થવાનું હશે. ભગવાન જે કંઇ કરે છે તે સારા માટે જ કરે છે. તું ચાલી શકતો નથી, તો આ રસ્તે પસાર થતા તરસ્યા મુસાફરોને અને પશુપંખીઓને પાણી પિવડાવી સંતોષ આપ. આ તો ઇશ્વરનું કામ છે અને ફરતા આઠ માઇલ સુધી અહીં કોઇ ગામ નથી કે નથી પાણીનો કૂવો કે ઝરણું. તેથી આ કૂવામાંથી લોકોને પાણી પાઉં તો એમાં ખોટુંય શું છે? માનું કહેવું મને ખૂબ ગમ્યું ને શેઠજી, માની આજ્ઞા માની હું આ કામ કરું છું. આ ભગવાનનું કામ સમજી હું મારી ફરજ બજાવું છું.... પૈસાને ખાતર નહિ.'

શેઠ અચંબો પામી બાળક તરફ વહાલપૂર્વક જોઇ રહ્યા. બાળકના નિર્દોષ મુખ પર સેવાભાવનું તેજ ઝળકી રહ્યું હતું. બાળકની મનમાં ને મનમાં પ્રશંસા કરતા કરતા છેવટે તેનો આભાર માની તે પાછા વળ્યા, પરંતુ ચાલતાં ચાલતાં એ બાળકનું સ્નેહાળ મુખ અને એના શબ્દો, 'આ તો ઇશ્વરનું જ કામ છે,' જાણે એમની આંખ આગળ તરવરવા લાગ્યા. એક અશક્ત અને અપંગ બાળકમાં આવી પરોપકારવૃત્તિ જોઇ શેઠના મનમાં અનેક વિચારો આવવા લાગ્યા.

છેવટે જ્યારે એમણે પણ નાના મોટા પરોપકારો પરમાત્માનું કામ સમજી કરવા માંડયા, ત્યારે તેમના દિલને સંતોષ થવા લાગ્યો.

બાળકો! વૃક્ષો પરોપકાર માટે ફળ–છાયા આપે છે. નદી પરોપકાર માટે વહે છે. સૂર્ય પરોપકાર માટે પ્રકાશ આપે છે. સાધુ પરોપકાર માટે ફરતા રહે છે. શ્રીજી મહારાજ પણ ગરીબોને અન્ન, વસ્ત્ર આપી દુ:ખ દુર કરતા. માંગરોળમાં વાવ ગળાવી. કારીયાળીમાં તળાવ ખોદાવી એવા અનેક વિધ પરોપકારી કાર્યો શ્રીજીમહારાજે કરાવ્યા હતા. માટે આપણે પણ ગરીબોને ભોજન આપવું, તરસ્યાને પાણી આપવુ, નબળા વિદ્યાર્થીને અભ્યાસમાં મદદ કરવી, વૃક્ષોવાવવા, જળાશયો, પરબો બનાવવા વગેરે પરોપકારી પ્રવૃત્તિ કરવી જોઇએ. ખરેખર, પરોપકારનો મહિમા ખૂબ મોટો છે.

## જ્ઞાનસરિતા

૧. ગોપીઓની સાથે ભગવાન શ્રીકૃષ્ણ રાસ કયા દિવસે રમ્યા હતા ?
(અ) અષાઢ સુદ ૧૫ (બ) ભાદરવા સુદ ૧૧
(ક) આસો સુદ૧૫ (ડ) આસો સુદ ૧૧

૨. ગોપાળાનંદ સ્વામીનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(અ) બંધીયા (બ) ટોડળા
(ક) અમરેલી (ડ) ખાડ

૩. પ્રેમાનંદ સ્વામીનું આમાંથી કયું કિર્તન છે ?
(અ) સખી ગોકુળ (બ) હરિ હૈયાના હાર છો.
(ક) પ્રગટ થયા પ્રભુ (ડ) મન લીધું મોરલડીના

૪. ગઢપુર મંદિરમાં શ્રીસ્વામિનારાયણ ભગવાને શ્રીગોપીનાથજી મહારાજની સ્થાપના કઇ સાલમાં કરી હતી ?
(અ) ૧૮૮૫ (બ) ૧૭૮૫
(ક) ૧૮૮૨ (ડ) ૧૮૮૬

૫. શ્રી સ્વામિનારાયણ ભગવાન ગાદીએ બેઠા ત્યારે તેમની ઉંમર કેટલી વર્ષની હતી ?
(અ) ૧૮ (બ) ૨૧ (ક) ૨૨ (ડ) ૨૩

૬. રામચંદ્ર ભગવાને રાવણનો વધ કયા દિવસે કર્યો હતો?
(અ) આસો સુદ૧૦ (બ) ભાદરવા સુદ ૧૦
(ક) શ્રાવણ સુદ ૧૦ (ડ) કાર્તિક સુદ ૧૦

૭. રામચંદ્ર ભગવાનનો જન્મ કયા યુગમાં થયો હતો?
(અ) સત્યયુગ (બ) ત્રેતાયુગ
(ક) દ્વાપરયુગ (ડ) કળીયુગ

૮. કરણીબા કયા ગામના હતા ?
(અ) લોજ (બ) લોયા
(ક) ધમડકા (ડ) કંથકોટ

૯. મહાત્માગાંધીનો જન્મ કયા રાજ્યમાં થયો હતો?
(અ) માહારાષ્ટ્ર (બ) મધ્યપ્રદેશ
(ક) ગુજરાત (ડ) બિહાર

૧૦. કચ્છમાં તાલુકા કેટલા છે?
(અ) ૧૨ (બ) ૧૦ (ક) ૯ (ડ) ૧૧ ?

–:આદર્શ બાળક:–

૧. સવારે વહેલા ૬–૦૦ વાગ્યા પહેલાં જાગી જાવું. જાગીને સૌ પ્રથમ ઇષ્ટદેવનું સ્મરણ કરવું. સ્વામિનારાયણ, સ્વામિનારાયણ પાંચ વખત.

૨. શૌચ કરી હાથ બરાબર ધોઇ બ્રસ કરવું. પછી ભગવાન અને તીર્થોને યાદ કરી સ્નાન કરવું. ગંગા,યમુના,ઘેલાનદી ગોમતી વગેરે.

૩. સ્વચ્છ ધોતી પહેરી અને સાલ ઓઢી ભગવાનની પૂજા કરવા બેસવું.તલિક–ચાંદલો કરી સાવધાન થઇ પૂજા કરવી.

૪. શાળા કે ફરવા ગયા હોઇ ત્યારે ક્યારે પણ તિલક–ચાંદલો કરવામાં બીલકુલ શરમ ન રાખવી.

૫. પૂજા કરી ઘર મંદિર કે ગામમાં મંદિરે દર્શન કરવા જવું. દર્શન કરી માતાપિતાને પંચાંગ પ્રણામ કરવા. મા–બાપને પગે લાગવામાં શરમ ન રાખવી.

ક્રમશ:


### -: ઉખાણાં :-

૧. બારસો છતાં બારસો ઊંધાં,બારસો બાવન વીર, મારું ઉખાણું પારખે તેને, આપું સોનાનું તીર.

૨. પથ્થર મટી થઇ પ્રેમદા, ભોજન કરતી ગાય, અંગ ફરે ફૂદડી એનું, એઠું સહુ કોઇ ખાય.

૩. બે છે કાન અને એક છે પેટ,હાથ પગ કંઇ ન મળે, ચૂલા સાથે એને દોસ્તી, જોવા રસોડામાં એ મળે

### -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-



**કશ્યાપમુની, બાલિરાજા, ભદરવા સુદ ૧૨, અ,બ,ક,ત્રણેના, મૂષક, અ,બ,ક,ત્રણે નહિ, ભાદરવા સુદ ૧૧, કંથકોટ, ૪, હરિસ્મરણ,**

### -: શબ્દ રચના :-

૬,ધામના મંદિરોની માહિતીને ક્રમ આપો, પ્રથમ મંદિર કયું,કયા દેવ, કંઇસાલ,દિવસ,બનાવનાર સંત, તેને નંબર આપી ક્રમમાં ગોઠવો. એક ઉદાહરણ આપેલું છે.

| ધામ | ધોલેરા | વડતાલ | અમદાવાદ | જૂનાગઢ | ભુજ | ગઢપુર |
|---|---|---|---|---|---|---|
| નંબર | | | | | ૧ | |
| દેવ | નરનારાયણદેવ | રાધારમણ દેવ | ગોપીનાથજીમહારાજ | મદનમોહન દેવ | લક્ષ્મીના.દેવ | નરનારાયણદેવ |
| નંબર | ૧ | | | | | |
| સંવત્ | ૧૮૮૪ | ૧૮૭૯ | ૧૮૮૫ | ૧૮૮૨ | ૧૮૭૮ | ૧૮૮૧ |
| નંબર | | ૧ | | | | |
| દિવસ | આસો સુદ૧૨ | વૈશાખ વદ,૨ | કાર્તિક સુદ ૧૨ | વૈશાખ સુદ૧૩ | ફાગણ સુદ,૩ | વૈશાખ સુદ,૫ |
| નંબર | | | | | | ૧ |
| સંતો | આનંદાનંદ સ્વામી | વૈષ્ણવાનંદ સ્વામી | નિષ્કુળાનંદ સ્વામી | વિરક્તાનંદ સ્વામી | અક્ષરાનંદ સ્વામી | બ્રહ્માનંદ સ્વામી |
| નંબર | | ૧ | | | | |

**નોંધ :- જ્ઞાનસરિતામાં આપેલ જ્ઞાનમાળા,કોયડો. વગેરેના ઉત્તરો સારા અક્ષરે લખી. આપેલ સરનામાને અનુસારે સારા અક્ષરે સરનામું લખી. શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ અથવા કચ્છશ્રી નરનારાયણ દેવ યુવક મંડળ કાર્યાલયમાં આપવું ભાગ લેશે શ્રીઘનશ્યામ બાલ-બાલિકા મંડળના બાળકો. સતત બાર મહિના સુધી સાચા જવાબ આપનારનું બાલમંચમાં ઇનામ આપી સન્માન કરવામાં આવશે. જ્ઞાનમાળામાં આપેલ પ્રશ્ન વગેરેના ઉત્તરો આ પેજમાં કે કોપી કરીને મોકલવા. આ માટે ખાસ શ્રી સ્વામિનારાયણ ધર્મ સંદેશના ગ્રાહક બનો,**

## સરનામું

નામ............................................................ ગામ ....................

તાલુકો............ ઉંમર....... શાળા............................ ધો.......... મો.ન..............

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૦૦/- | પ્રિયંકા શૈલેષ જેસાણી | કોઈમ્બતુર-મદ્રાસ | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | ગોપાલ શિવજી ભંડેરી | સુખપર-જુનાવાસ | મંડળ ભરાવ્યા તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | ગોવિંદ સામજી મનજી પિંડોરીયા | નાગલપુર - માંડવી | બેંગ્લોરમાં એન્જીનીયર્સના ત્રીજા વર્ષમાં ઉત્તીર્ણ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૦/- | અ.નિ.સામજી વેલજી હિરાણી ધ.પ.અ.નિ.પ્રેમબાઈ તથા સુપુત્ર અ.નિ.જાદવજીભાઈ ધ.પ.અ.નિ.હીરબાઈ | માધાપર | પુણ્યસ્મૃતિમાં બંને મંદિરમાં પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ |
| ૧૦૦૦/- | અ.નિ.શિવજી હરજી ભગત અ.નિ. મેઘબાઈ શિવજીના મોક્ષાર્થે | સુખપર | ભુજ મંદિરમાં પંચાહ્ન પારાયણ નિમિત્તે ભેટ |
| ૫૧/- | ભારતી લાલજી પિંડોરીયા | સુખપર-રોહા | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | કિશોર હરિલાલ પરમાર (દરજી) | માળિયા-મિંયાણા | નવું મકાન ખરીદ્યું તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | અરુણાબેન એ.શાહ | ભુજ | અધિકમાસના ઉત્સવો નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | શિવજી ધનજી માસ્તર | માધાપર | શ્રી નરનારાયણદેવની કૃપાથી પૂ.મંહત સ્વામી ધર્મનંદનદાસજીનું અમદાવાદમાં ઓપરેશન સફળ થતા ભેટ. |
| ૧૫૧/- | શિવજી ધનજી પિંડોરીયા | માધાપર | પૌત્રી અક્ષીબેન મનોજ યુ.કે.માં બીઝનેશ એકાઉન્ટસની પરીક્ષામાં ફર્સ્ટ આવતા સપ્રેમ ભેટ |
| ૧૫૧/- | ભાનુબેન શિવજી ધનજી માસ્તર | માધાપર | શ્રી નરનારાયણદેવની કૃપાથી હાથનું ઓપરેશન સફળ થતાં ભેટ |
| ૧૫૦/- | મિત લાલજી પિંડોરીયા | સુખપર-રોહા | જન્મ દિવસ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | જિતેન્દ્રકુમાર ચમનલાલ ઠક્કર | ચોબારી હાલે ભચાઉ | ચિ.દ્રષ્ટિના જન્મ દિવસ નિમિત્તે સપ્રેમ ભેટ |
| ૧૫૧/- | મહેન્દ્રકુમાર ચમનલાલ ઠક્કર | ચોબારી હાલે ભચાઉ | ચિ.યશકુમારના જન્મ દિવસ નિમિત્તે સપ્રેમ ભેટ |
| ૧૧૧/- | અ.નિ.કરસન ભીમજી વરસાણી ધ.પ.રતનબાઈ હ.સવિતાબેન ગોવિંદ પરિવાર | માધાપર | સુખપર સંસ્કૃત પાઠશાળાને પુરુષોત્તમ માસ નિમિત્તે ભોજન આપ્યું તે નિમિત્તે સપ્રેમ ભેટ |
| ૨૫૦/- | અ.નિ. હરજીભાઈ વેલજી પિંડોરીયા તથા ધ.પ.ગં.સ્વ. સુંદરબાઈ હ.સુપુત્રો પરબતભાઈ તથા જાદવજીભાઈ | માધાપર | પંચાહ્ન પારાયણ નિમિત્તે સપ્રેમ ભેટ |
| ૧૦૧/- | કુંવરજી રવજી હિરાણી | નાગલપર-અંજાર | જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | શિવજીભાઈ ધનજી માસ્તર | માધાપર | પરમ ભક્ત જાદવજી ભગત તથા અન્ય સંતો, હરિભક્તોની કૈલાસ માનસરોવરની યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થતાં શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | હીરજી શિવજી વેલાણી | સુખપર હાલે ઈ.લંડન | નવી કાર ખરીદી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | રતનબેન મોનજી જોબનપુત્રા હ. રસિકભાઈ | ભુજ | અક્ષરનિવાસી થતાં તેમના મોક્ષાર્થે ભેટ |
| ૧૦૦૧/- | અ.નિ.દેવુબેન હરજી ગરવલીયા હસ્તે શંકરભાઈ ગજ્જર | ભુજ હાલે કલકતા | શ્રાદ્ધ નિમિત્તે પિતૃ મોક્ષાર્થે સપ્રેમ ભેટ |
| ૫૦૦/- | શ્રી સ્વામિનારાયણ મંદિર વિલ્સડન લંડનના સત્સંગી મહિલા મંડળ | વિલ્સડન લંડન | ભુજ મંદિરે પંચાહ્ન પારાયણ નિમિત્તે તા. ૨૭-૮ થી ૩૧-૮- સુધી |
| ૧૦૦/- | શિવેન મનસુખ વરસાણી | ગોધરા-માંડવી | દ્વિતીય જન્મ દિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૦/- | ધ્રુવીબેન કાન્તિલાલ પિંડોરીયા | સામત્રા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | કસ્તુરબેન ખીમજી રાબડીયા | સરલી | જન્મ દિવસ નિમિત્તે સપ્રેમ ભેટ |
| ૨૦૦/- | શ્રીમતી નીતાબેન મનોજ ધનજી હિરાણી | બળદીયા | પુત્ર રુદ્રના જન્મ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૧/- | નારાણભાઈ ભીમજી પિંડોરીયા | ભુજ હાલે લંડન | પૂ.ઘનશ્યામજીવનદાસજીની સ્વામીની પુણ્યતિથિ નિમિત્તે ભેટ |
| ૫૦૦/- | નારાણભાઈ રામજી પાંચાણી સહપરિવાર | દહિંસરા હાલે બોલ્ટન | શ્રી હરિ પ્રસન્નતાર્થે સપ્રેમ ભેટ |
| ૧૦૧/- | અ.નિ.રામજી કાનજી ગોરસીયા | માનકુવા-નવોવાસ | મોક્ષાર્થે ભેટ |
| ૧૫૧/- | કિશોર નારાણ રાબડીયા | સુખપર હાલે ઓસ્ટ્રેલીયા | ચિ. પુત્ર દર્શનના જન્મ નિમિત્તે ભેટ |

**ધર્મ સંદેશના ગ્રાહક બનો અને બનાવો.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-<br>વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

**સત્સંગ સમાચાર મોકલાવો તેની સાથે પ્રસંગોના ફોટાઓ પણ અવશ્ય મોકલાવશો.**






















(૧) કૈલાસ માનસરોવર યાત્રાએ પધારેલ યાત્રિકો સંતો નેપાળમાં બુધ્ધ ભગવાનના જન્મસ્થળ આગળ. (૨) અધિક માસ સમાપ્તિ દિવસે સંધ્યા આરતી સમયે મહાઆરતી ઉતારતા હરિભક્તો-ભુજ. (૩) પ.પૂ. મહંત સ્વામી વિદ્યાર્થી સંતો તથા તેમના ગુરુજીને ઉપદેશ-આશીર્વાદ આપે છે-ભુજ. (૪) ફૂટબોલ-હેન્ડબોલ-થ્રોબોલની સ્પર્ધામાં ચેમ્પિયન બનેલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ ગાંધીધામના વિદ્યાર્થીઓ સાથે સંચાલક. (૫) ગાંધીધામ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં યોજવામાં આવેલ ગણિત વિજ્ઞાન પ્રદર્શન. (૬) વક્તાશ્રીનું પૂજન કરતા માંડવી નાગલપરના કાનજીભાઈ આદિ પરિવાર. (૭) કથા પ્રસંગે હવન કરતા યજમાન પરિવાર-નારાયણ સરોવર. (૮) કથા પ્રસંગે નારાયણ સરોવરમાં મહાપૂજા કરતા માંડવી નાગલપરના હરિભક્તો. (૯) સુખપર (રોહા)માં હિંડોળા દર્શન. (૧૦) જિલ્લા કક્ષાએ રમતોમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીની બહેનો

# શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામના વાર્ષિક પાટોત્સવ તથા અધિકમાસની કથાની રમ્ય ઝલક

















મુંબઈ વિશ્રાંતી ભવનમાં વાર્ષિક અન્નકૂટ દર્શન

RNI NO. GUJGUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh Regd. No. GKCH-158/2012-2014
WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2014

# અધિકમાસમાં માંડવી મંદિરમાં ઉજવાયેલ મહોત્સવની આછી ઝલક